# સહજ-સત્સંગ

Year : 2 Issue : 17 Dt. 1-6-2014 Page - 52 માસિક



ચાતુર્વણ્ય : શુદ્ર



# મા મીરાંબિકા

To be young is to be always ready to give up
what we are in order to become what we must be.

- The Mother

## યુવાની એટલે ?

યુવાની તેને કહે જે સર્વસ્વને હોડે મૂકે,
આપણે જે થવાનું જ છે, તેને તે બનવા મથે.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## પૃથ્વીનો પોકાર

(તા.૨૫.૧૦.૧૯૧૪ - પૃ.૧૯૫)



હે પ્રભુ, તારા માટેની મારી અભીપ્સાએ એક સુંદર ગુલાબનું રૂપ લીધું છે. એની દરેક પાંદડી ખીલેલી છે. સંવાદમય છે. સુગંધથી છલકાતી છે. મારા બેય હાથમાં એને ઉઠાવી હું તને એ અર્પણ કરું છું. અને પ્રાર્થું છું. મારી સમજશક્તિ મર્યાદિત હોય તો તેને વિશાળ કરજે....., મારો પ્રેમ ક્ષીણ હોય તો તેને તીવ્ર બનાવી આપજે..... આ જે 'હું' તને પ્રાર્થના કરું છું તે કંઈ આ જગતના હજારો નાનકડાં 'હું' માનો એક 'હું' નથી. એ સમસ્ત પૃથ્વીનો પોકાર છે.

મારા ધ્યાનની સંપૂર્ણ નીરવતામાં એની એ શાંતિમાં, તારા ભવ્ય ઝળહળતા પ્રકાશરૂપે તું દર્શન આપે છે.

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પૃથ્વીનો પોકાર) | ૩ | **યોગ પર દીપ્તિઓ** (માનસિક આદર્શોની પેલેપાર) | ૩૫ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ | **સાંજના વાર્તાલાપો** (દેવોના સ્વરૂપો) | ૩૭ |
| **દિવ્યજીવન** (વૈદિક વારસો) | ૯ | **વેદવિજ્ઞાન** (વરુણ અને વિષ્ણુ) | ૩૯ |
| **માતૃવાણી** (શરીરની અભીપ્સા) | ૧૧ | **યોગનાં મૂળતત્ત્વો** (અનુભૂતિઓ અને સૂક્ષ્મ દર્શનો) | ૪૨ |
| **સાવિત્રી** (જગન્માતાનો વૈશ્વિક પ્રયોગ) | ૧૫ | **જાતક કથાઓ** આમન્યા રાખો) | ૪૫ |
| **યોગ વિષે પત્રો** (ચૈત્યપુરુષનું સ્વરૂપ) | ૧૯ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સમગ્રતાનું દૃષ્ટિબિંદુ) | ૪૬ |
| **ઉપનિષદો** ((૨) કેનોપનિષદ) | ૨૪ | **ધ મધર્સ એજન્ડા** (નવા જગતનો જન્મ) | ૪૭ |
| **વેદ-રહસ્ય** (સૂર્ય, સવિતૃનું સ્વરૂપ ) | ૨૮ | **પ્રાસંગિક** | ૪૮ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (શ્રી અરવિન્દની સાધના) | ૩૦ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | **કવરપેજ ૪ ઉપર** |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૧૭ વર્ષ : ૨**
**જૂન - ૨૦૧૪**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# પૃથ્વીનો પોકાર

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીની પ્રભુ પ્રત્યે ચડતી તીવ્ર અભીપ્સાએ એક ગુલાબના ફૂલનું રૂપ લીધુ. તે સુંદર ખીલેલું હતું. તેની પાંખડીઓની રચના સુસંવાદી હતી. કલાત્મક હતી. તેમાંથી મીઠી સુગંધની ફોરમ આવતી હતી. માતાજીએ તે બન્ને હાથથી ઉપાડેલું હતું અને પ્રભુને અર્પણ કરી રહ્યાં હતાં. સાથે પ્રાર્થના કરી રહ્યાં છે.

'પ્રભુ મારી સમજણમાં સંકુચિતતા હોય, વિકૃતિ હોય તો તે સમજણને વિશાળ અને સાચી બનાવજે. પ્રભુ તારા પ્રત્યેનો મારો પ્રેમ નબળો હોય અધુરો હોય તો તેને મજબુત અને સર્વાંગ સંપૂર્ણ બનાવજે.

માતાજી આગળ જણાવે છે કે તેઓ જે 'હું' એવો શબ્દ વાપરે છે તે પાતાના નાનકડા અહમ્ માટે નહિ પણ તે પૃથ્વી સાથે એકરૂપ થવાથી પૃથ્વી એ બોલેલો 'હું' છે. માતાજી પૃથ્વી સાથે એકરૂપ થઈને પ્રભુને સંબોધી રહ્યાં છે. તે પૃથ્વીનો પોકાર છે. માતાજી જ્યારે નીરવ ધ્યાનમાં ઉતરેલાં છે ત્યારે અચાનક તેમને તે શાંતિમાં અસીમ ઝળહળતા પ્રકાશનાં દર્શન થાય છે. જાણે પ્રભુ તેમને 'તથાસ્તુ' કહેતા હોય એવો ભાવ માતાજીમાં જાગે છે.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

(૬) પૂર્ણયોગ કોઈ અમુક વ્યક્તિઓ, દેશ કે જાતિ પૂરતો સીમિત નથી, એ તો છે સમગ્ર માનવજાતિના જીવનનું દિવ્યરૂપાંતર કરવાનો યોગ અત્યારે નિમ્ન પ્રકૃતિમાં જીવી રહેલી, અજ્ઞાન અને અંધકારમાં અટવાતી, દુઃખથી ત્રસ્ત માનવજાતિને દિવ્ય પ્રકૃતિમાં જીવતી કરવાની, પ્રભુના સત્ય દ્વારા સંચારિત કરવાની છે. તેના માટે શ્રી અરવિન્દે સાધના કરી. પૂર્ણયોગનો માર્ગ આપ્યો. આમ આ યોગ સમગ્ર માનવજાતિના દિવ્ય રૂપાંતરનો યોગ છે, આથી સમગ્ર પૃથ્વી એ તેનું ક્ષેત્ર છે. આ વિશે શ્રી અરવિન્દે એક પત્રમાં જણાવ્યું હતું કે, ''પૃથ્વી ઉપર અતિમનસ ચેતનાને લઈ આવવી, ત્યાં જડી આપવી, જેમાં આંતર તેમ જ બાહ્ય એવું વ્યક્તિનું તેમજ સમૂહનું જીવન અતિમનસ ચેતના દ્વારા સ્થાપિત થતું હોય. એવી એક નવી માનવજાતિનું સર્જન કરવું, એ છે આપણા યોગનું લક્ષ્ય.

શ્રી અરવિન્દે સમગ્ર માનવજાતિનના દિવ્ય રૂપાંતર માટે સાધના કરી હતી. એમને પોતાને તો કશાયની જરૂર નહોતી. તેમણે જણાવ્યું હતું કે ''જો હું મારી પોતાની મુક્તિ કે સિદ્ધિ વાંછતો હોત તો મારી યોગ સાધના ક્યારનીય પૂરી થઈ ગઈ હોત.''..... હું અતિમનસ અવતરણ માટે પ્રયત્ન કરું છું. તે એટલા માટે કે પાર્થિવ ચેતના માટે કરવાનું તે એક કામ છે અને મારી અંદર તે સિદ્ધ ન થાય તો બીજા માણસોમાં તે સિદ્ધ થઈ શકે નહીં.....'' આમ સમગ્ર માનવચેતનામાં દિવ્ય ચેતનાનું અવતરણ થાય તો જ માનવજાતિનાં દુઃખો દૂર થાય. આથી આ સાધના સામૂહિક સાધના છે. વ્યક્તિગત સાક્ષાત્કારો ગમે તેટલા મહાન હોય પણ તેને ચરિતાર્થ કરવા માટેનું જો વાતાવરણ ન હોય તો એ સાક્ષાત્કારો કશું નક્કર પરિણામ લાવી શકતા નથી. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે

વ્યક્તિગત સાક્ષાત્કારને પ્રત્યુત્તર ન આપે તેવું જો વાતાવરણ હોય, તો ત્યાં તે સાક્ષાત્કાર મર્યાદિત અને દરિદ્રી બની જાય છે.'' આથી સમૂહગત જીવન જો નિમ્ન હોય તો વ્યક્તિગત સાક્ષાત્કાર દ્વારા સૂક્ષ્મભૂમિકામાં જે કંઈ કાર્ય થયું હોય તેને સ્થૂલ ભૂમિકામાં આવતાં ઘણી વખત સૈકાઓ નીકળી જતા હોય છે. આથી સમાન અભીપ્સાવાળી વ્યક્તિઓની સામૂહિક સાધનાની પણ એટલી જ આવશ્યકતા છે. ભલે થોડી વ્યક્તિઓ જો અતિમનસ ચેતનાને ધારણ કરતી હશે તો દિવ્યજીવનનો પાયો રચી શકાશે. સમષ્ટિમાં પણ પ્રભુની ચેતનાને સક્રિય કરવાની છે. એ વિશે શ્રી અરવિન્દે જણાવ્યું છે કે, ''બ્રહ્મ, આત્મા અને ભગવાન તો છે જ પણ મનુષ્ય પાસેથી ભગવાન ઈચ્છે છે કે અહીં આ જગતમાં જ વ્યષ્ટિ અને સમષ્ટિમાં પ્રભુને પોતાને પૂર્ણ વ્યક્ત કરવામાં આવે અને જીવનમાં અને જગતમાં પ્રભુનો સાક્ષાત્કાર થાય.''

શ્રી અરવિન્દનો યોગ એ સમગ્ર માનવ ચેતનાના ઉત્થાનનો યોગ છે. પ્રત્યેક માનવમાં પ્રભુને સક્રિય કરવાનો યોગ છે. સમગ્ર નિમ્ન પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં પલટી નાંખવાનો યોગ છે. આ યોગ એ સમગ્રતાનો યોગ છે. પરમાત્માનો પોતાનો જ, પોતાને વિવિધ આવિર્ભાવોમાં પૂર્ણરૂપે પ્રગટ કરવાનો યોગ છે.

**(૭) દિવ્યજીવન:**

પૂર્ણયોગની પરિણતી છે દિવ્યજીવન. દિવ્યજીવન એટલે પરમાત્માની ચેતનામાં જીવાતું જીવન. અત્યારે આપણે મનની ચેતનામાં જીવન જીવી રહ્યાં છીએ, એટલે અજ્ઞાનમાં જીવન જીવીએ છીએ. અહંકાર, ભેદ, આવેગો, સ્વાર્થ, મોહ, ઈર્ષા, રાગ, દ્વેષ આ બધાં આપણા કાર્યોના પ્રેરકબળો છે ! અને તેના પરિણામે સુખ અને દુઃખના ઝૂલે આપણે ઝૂલી રહ્યાં છીએ. પણ જ્યારે પરમાત્માની પૂર્ણ ચેતના આપણી અંદર સક્રિય હશે, ત્યારે જે જીવન હશે તે જ દિવ્યજીવન હશે. એમાં ભેદ નહીં હોય. એમાં અહંકાર નહીં હોય. પણ સુમેળ સંવાદિતા, પ્રભુની ચેતનામાં બધાં જ હોવાથી એકતાની અનુભૂતિ, પરમાત્માની ચેતના એટલે જ્ઞાન, શક્તિ, પ્રેમ અને આનંદની જ સ્થિતિની પ્રાપ્તિ. એવા સુંદર જીવનની શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ સૂક્ષ્મમાં ભૂમિકા રચી આપી છે, એ માટેનો એમણે પૂર્ણયોગની સાધનાનો સૂર્યપ્રકાશિત માર્ગ કંડારી આપ્યો છે. આ માર્ગે તેઓ ચાલ્યાં છે અને માર્ગમાં આવતી એક એક

મુશ્કેલી, ભય, જોખમોને તેમણે પોતાની સાધના દ્વારા દૂર કરી ઝળહળતો માર્ગ બનાવી દીધો છે. દિવ્યજીવનની અભીપ્સા ધરાવનાર સહુ કોઈ આ માર્ગે પ્રયાણ કરી શકે છે. અને પોતાના સામાન્ય જીવનને ઊંચે ઉઠાવી શકે છે. પૃથ્વી ઉપરનું આ દિવ્યજીવન કેવું હશે, જ્યારે પરમાત્મા પોતે જ પૃથ્વી ઉપર શાસન કરતા હશે ? શ્રી અરવિન્દે પોતાના સૂક્ષ્મ દર્શનોમાં આ દિવ્યજીવનને પાર્થિવ ચેતનામાં પ્રગટતું જોયું હતું, અને એનો અનુભવ પણ કર્યો હતો. તેમણે પોતાના મહાન ગ્રંથ સાવિત્રીમાં આ દિવ્યજીવન અને પ્રભુના પૂર્ણ સામ્રાજ્ય શાસિત નવા જગતનું વર્ણન કર્યું છે. પૃથ્વી ઉપર નવા યુગનું નિર્માણ થશે. પરમાત્માનું સામ્રાજ્ય સ્થપાશે. મનુષ્યના કાર્યોને અજ્ઞાનના અંધબળો દોરતાં નહીં હોય પણ આંતરસત્ય દ્વારા એ કાર્યો થતાં હશે. એ કાર્યો દ્વારા આત્માની અભિવ્યક્તિ થતી હશે. ત્યાં પ્રકૃતિ પોતે જ પોતાનાં રહસ્યોને પ્રગટ કરતી હશે. બધા અલગ રૂપે હોવા છતાં આત્માની એકતાથી જોડાએલા હશે. જીવન આત્માના આવિર્ભાવ માટે હશે. પરમાત્મા પોતે જ એ જીવનમાં પોતાનો પ્રેમ અને આનંદનો આવિર્ભાવ કરતા હશે. સાવિત્રીની આ પંક્તિઓમાં શ્રી અરવિન્દ દિવ્યજીવનની ઝલક આપે છે.

---

## રાજકોટ કેન્દ્રનો સ્થાપનાદિન (૬ જુલાઈ- ૧૯૮૪)
## સાધનાલક્ષી કાર્યક્રમ

**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટના સ્થાપના દિન નિમિત્તે નીચેનો સાધનાલક્ષી કાર્યક્રમ રાખેલ છે. સાધકભાઈ બહેનોને સહભાગી થવા હાર્દિક આમંત્રણ છે.**

તારીખ : ૬ અને ૭ જુલાઈ ૨૦૧૩ સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦
સાંજે ૬.૦૦ થી ૮.૦૦

સ્થળ : **મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર,**
૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવાડ રોડ, રાજકોટ

વક્તા : શ્રી કૈવલ્યભાઈ સ્માર્ત

વિષય : સાવિત્રીમાંથી પસંદ કરેલી પંકિતઓનો સ્વાધ્યાય

**- ટ્રસ્ટીશ્રીઓ**

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## વૈદિક વારસો

પ્રકરણ - ૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

અંતઃકરણનું ચોથું પાસુ એટલે અહંકાર. તે આવેલા અનુભવો અને તેમાંથી તારવેલા અર્થો અનુસાર સમજણ કેળવી તેનો ઉપયોગ પોતાના વિકાસમાં કરે છે.

આ રીતે માનવીના અન્નમયકોષ (પાર્થિવ કોષ)થી માંડીને આનંદમય કોષ સુધીનાં બધા જ કોષ આ બાહ્ય અને આંતર ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને તેમાંથી મળતી સમજણ મુજબ વિકાસ સાધે છે.

પાર્થિવ કોષમાં બાકીના બધા જ કોષો બીજ સ્વરૂપે હોય જ છે. તે હજી અવિકસિત અને સુપ્ત અવસ્થામાં હોય છે. પણ જેમ જેમ તેઓ ઉત્ક્રાંતિમાં વિકાસ પામે છે, તેમ તેમ તેમની ક્ષમતાઓ ભૌતિક કોષ મારફત પણ પ્રકટ થવા લાગે છે. જ્ઞાનની દૃષ્ટિએ પ્રત્યક્ષ ઈન્દ્રિયજન્ય જ્ઞાન, તાર્કિક જ્ઞાન, આંતરપ્રેરણાત્મક જ્ઞાન એવા જ્ઞાનના ઉત્તરોત્તર સ્વરૂપો પ્રકટ થવા માંડે છે. તાદાત્મ્ય દ્વારા જ્ઞાન એ સર્વશ્રેષ્ઠ જ્ઞાનનો પ્રકાર છે. તે અંતે પ્રકટ થાય છે.

જ્યારે વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ વધારે વિકસિત થાય છે ત્યારે ધીમે ધીમે તેઓનો પ્રભાવ આપણા નીચેનાં અશુદ્ધ કાષો ઉપર પણ પડે છે. અને તેથી પ્રથમ મનોમય કોષ, પછી પ્રાણમય કોષ અને છેલ્લે પાર્થિવ કોષ પણ શુદ્ધ થઈને તેમની દ્વારા પણ તાદાત્મ્યભાવ દ્વારા જ્ઞાન મેળવવાની ક્ષમતાઓ વિકાસ પામે છે. આને જ વિજ્ઞાન કહેવામાં આવે છે. તાદામ્ય દ્વારા મળતું જ્ઞાન વિજ્ઞાનમય સ્વરૂપનું હોય છે.

દિવ્ય-જીવનમાં અંતે આ પ્રકારની વિજ્ઞાનમય સ્વરૂપનું જ્ઞાન મેળવવાની ક્ષમતા વિકસાવવાની હોય છે.

ઋગ્વેદ કાલીન ઋષિઓએ આ પ્રકારની વિજ્ઞાનની કક્ષાઓ વિકસાવેલી હતી. અને વેદાંતીઓને તે વારસામાં મળેલી હતી. વેદાંતીઓ આ જ્ઞાન મેળવવાની

પ્રક્રિયાને 'પ્રમાણ' કહે છે. 'પ્રમાણ'નો અર્થ છે મળેલા જ્ઞાનને પ્રમાણિત કરવાની, સત્યજ્ઞાન છે એવી ખાત્રી કરવાની પ્રક્રિયા. આવી રીતે શુદ્ધ 'પ્રમાણો' દ્વારા આપણે દિવ્ય-જીવન વિકસાવવાની પદ્ધતિઓ અને તેની પ્રક્રિયાઓ સમજી લેવાની હોય છે. જેથી આપણે જીવનનાં દરેક અનુભવને દિવ્ય-જીવનના ઘડતરમાં યોગ્ય રીતે વાપરી શકીએ અને આપણા સ્વરૂપમાં ચાલતી બધી જ આંતરપ્રક્રિયાને સાચા અર્થમાં સમજતા થઈએ. આ જ્ઞાનને કારણે દિવ્ય-જીવનના ઘડતરમાં આવતી મુશ્કેલીઓનું નિવારણ કરવાની ઉપાય-યોજનાઓ આપણે જાણી શકીએ છીએ અને વિકસાવેલા દિવ્ય-જીવનને ટકાવી રાખવામાં તે મદદરૂપ બને છે.

વેદાંતીઓએ આપેલો વારસો આપણે દિવ્ય-જીવન નિર્માણ કરવાનાં સાહસમાં સ્વીકારીએ છીએ. આ તો આપણા નૂતન સાહસમાં આપણા વૈદિક ઋષિઓએ આપેલો અમૂલ્ય વારસો છે. કિંમતી અને દુર્લભ વારસો છે. જે આપણે નમ્રતાપૂર્વક સ્વીકારવાનો છે. પણ આ વારસામાં મળેલા જ્ઞાનમાં વેદાંતીઓ જે જૂના અને પ્રાચીન શબ્દો વાપરે છે તે જેમના તેમ અર્થ સમજ્યા વગર વાપરશું તો તે એક શાબ્દિક જ્ઞાન બની જશે. તે ભૂતકાળની સાધના પદ્ધતિનું વિવરણાત્મક જ્ઞાન બની રહેશે. જેનો આપણા આજની સાધનાની દૃષ્ટિએ કોઈ ઉપયોગ નહિં રહે. આપણે તે પ્રાચીન શબ્દોને સાચા અર્થમાં સમજીને તે માટે આજના યુગમાં સમજાવે એવા માનસશાસ્ત્રીય શબ્દો વાપરીને તે જ્ઞાનનું સાચું રહસ્ય સમજાવવાનું રહેશે. આવી રીતે કરશું તો જ આ પ્રાચીન જ્ઞાન આપણા જીવનની જીવંત અને વાસ્તવિક સમસ્યાઓનું નિવારણ કરવામાં મદદરૂપ થશે અને આ પ્રાચીન વારસાનો આપણને સાચો અને વ્યવહારુ ઉપયોગ કરવાની તક મળશે. હાલમાં ભારતમાં વેદોને આદરણીય જરૂર ગણવામાં આવે છે. તેનું પઠન-પાઠન પણ થતું હોય છે પણ તેનો વાસ્તવિક જીવન સાથેનો સંબંધ છેદાઈ ગયેલો છે. આ ઉણપ આપણે નવા માનસશાસ્ત્રીય શબ્દોનો ઉપયોગ કરીને તે જ્ઞાન ભૌતિક જીવનને વધારે ભવ્ય ઉદાત્ત અને દિવ્ય કરવા કેવી રીતે ઉપયોગી થાય છે તેનો વાસ્તવિક દાખલો પૂરો ન પાડીએ ત્યાં સુધી વેદો પ્રત્યેની આંધળી અને તામસી ભક્તિનો અંત નહિ આવે. વેદો પ્રેરણાના સ્ત્રોત બનવા જોઈએ. જીવનના ઘડતરમાં ઉપયોગી નીવડવા જોઈએ. આપણા સ્વરૂપને સમજવામાં અને વિકસાવવામાં ઉપયોગી થવા જોઈએ. તો જ તેમના પ્રત્યેનો આદર અને ભક્તિ સાર્થક ગણાશે. (ક્રમશઃ)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# શરીરની અભીપ્સા

(માતાજીના તા.૩૧-૭-૫૭ના વાર્તાલાપ ઉપર આધારિત)

પ્રકરણ - ૪૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**“જો માણસ ભૌતિક-અસ્તિત્વ પણ દિવ્યજીવનમાં ભાગીદાર બને એવી અપેક્ષા રાખતો હોય તો.... તો ઘસારાથી શરીર ક્ષીણ, શાંત બની જાય અને યોગમાં વિક્ષેપ ન કરી શકે ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી. અભીપ્સામાં ખૂબ વેગ અને ઉત્કટતા હોય ત્યારે યોગ શરૂ કરવો એ વધારે સારું છે....**

**જો શરીર વિકૃત ન બને તેવી દરકાર માણસ રાખે તો શરીરમાં પોતાના જ વિજયની ખાતરી હોય છે. વિચારોનો ખોટો ઉપયોગ અને તેની શરીર પર પડતી અવળી અસર જ શરીરમાંના વિજયની ખાતરીને દૂર કરી દે છે.”**

- શ્રી માતાજી

❖

‘‘માતાજી, ભગવાન માટે શરીરમાં અભીપ્સા કેવી રીતે નિર્માણ કરવી?’’

‘‘બેટા, તેની તો અનેક રીતો છે. દરેકે પોતાની પ્રકૃતિ મુજબની રીત પોતે જ શોધી લેવાની રહે છે.

દા.ત. જીવનમાં બધાં સુખ-દુઃખો ભોગવી માણસ વૃદ્ધાવસ્થામાં થાકી ગયો હોય છે. તેને ધનદોલત, સ્ત્રી, કીર્તિ, સત્તાનું આકર્ષણ ઘટી ગએલું હોય છે. જે મળે છે તેમાં જ તે શાંતિથી જીવવા માગે છે. તે જીવનમાંથી છૂટવાના વેતરણમાં

હોય છે, મૃત્યુની વાટ જોતો હોય છે. આ પણ એક આધ્યાત્મિક રીત છે; પણ તેમાં શરીરનાં સહકારની તે હવે અપેક્ષા રાખતો નથી. શરીર છોડવા માગે છે. આ સહેલી રીત છે પણ શ્રેષ્ઠ રીત તો નથી જ.

આના કરતા શરીર યુવાન હોય, જીવનમાં બધું છોડવા કરતાં કાંઈ કરવાની ક્ષમતા અને ઈચ્છા હોય ત્યારે જ યોગની શરૂઆત કરવી એ વધારે સારી વસ્તુ છે. આવી વ્યક્તિ વધારે ભાગ્યવાન ગણાય.

આનાં કરતાં પણ એક શ્રેષ્ઠ અવસ્થા છે. તેમાં બાળક સભાન-ચેતના સાથે જન્મે છે. તેનો ચૈત્યપુરુષ જાગૃત હોય છે. તે સપનામાં સુંદર વસ્તુ જુએ છે, ભાવ અનુભવે છે, સુંદરતાને પ્રેમ કરે છે, ભદ્રતા તેને ગમે છે. ન્યાય તેને પ્રિય હોય છે. ઉત્સાહને લીધે સદા વિજયી બને છે. તેને સુંદર-જીવન અને સુંદર-જગતના સપનાં પડે છે.

યુવાનીમાં આવું બાળક આધ્યાત્મિક-શક્તિની ખોજમાં હોય છે. હું માંદાને સાજા કરી દઉં- ભૂખ્યાને અન્ન આપું, અનાથનો સહારો બનું, તેના ઉત્સાહ ઉપર અજ્ઞાની માતાપિતા અને શિક્ષક ઠંડું પાણી જ રેડે છે. તે અજ્ઞાની વડીલો જાણતા નથી કે તેઓ એક આત્માને વિકસતા અટકાવી રહ્યાં છે.

બાળકોનાં સુંદર સપનાંઓને વાસ્તવિક કરવા પ્રેરણા આપો. તેનો આત્મવિશ્વાસ જગાડો. આ રીતે પ્રભુના કાર્યમાં સહભાગી બનો.

બાળકોને વધુ પડતાં આજ્ઞાંકિત રાખવા એ તેને ગુલામી કરતાં શીખવાડવા જેવું છે. તેમની પ્રકૃતિને ઓળખી તેનો વિકાસ કરતાં માળી બનો, માલિક ન બનો.

જગતની વાસ્તવિકતાથી તેને અજાણ રાખવાનો નથી. હાલની પરિસ્થિતિથી વાકેફ કરો, અને કહો હા, હાલમાં આવી સ્થિતિ છે, પણ તે જરૂર બદલાશે, કારણ પ્રભુ પણ તે બદલવા ઈચ્છે છે. આપણે બદલવાનો જરૂર પ્રયત્ન કરશું. પ્રભુ આપણને જરૂર મદદ કરશે. કદાચ વાર લાગે. પણ તેથી શું ? આપણે પ્રયત્ન કરીએ તે પ્રભુને ખૂબ જ ગમે છે. તે કહે છે : ''આ મારું બાળક છે.''

બાળકને કહો : તારું સપનું જ સાચું છે, કારણ તે પ્રભુનું જ સપનું છે. પ્રભુ તારી મારફત જ સપનું જોઈ રહ્યાં છે.

બાળકમાં જ્યારે પોતાનું સપનું સાકાર કરવાનો સંકલ્પ જાગશે ત્યારે તેના

શરીરના કોષોમાં પણ શ્રદ્ધા જાગશે. શરીરને લાગશે કે તે પ્રભુનો સંકલ્પ સિદ્ધ કરવા જ જન્મ્યું છે. તે સ્વેચ્છાએ પોતે ધારણ કરેલ ચૈત્યપુરુષને સમર્પિત થશે.

કેટલીક વાર બાલ્યાવસ્થામાં આંતર-આનંદ કે આંતર-પ્રકાશનો અનુભવ આવે છે અને બાળક અંદરથી અનુભવે છે કે આ જ સત્યને મેળવવા તે માંગે છે. આ તદ્દન સાચી અનુભૂતિ છે. તેણે તેવો જ પ્રયત્ન કરવો જોઈએ. તે તેના માટે જ જન્મ્યો હોય છે અને તેવો સાક્ષાત્કાર તેને માટે ફરી શક્ય છે જ.

જ્યારે પણ સમય મળે ત્યારે તેણે પોતાની ખોજ ચાલુ જ રાખવી જોઈએ. આ સહુથી વધારે ભાગ્યવાન બાળકો હોય છે. તેમના શરીરના કોષો તેમની સાધનામાં શરૂઆતથી જ જોડાયેલા હોય છે.

સર્વ સાધારણ બાળકો અને વ્યક્તિઓ જેઓ સદ્ભાગ્યે ખરાબ કેળવણી, ઉપદેશ કે ઉછેરને કારણે બગડ્યાં નથી તેઓમાં સાધારણ રીતે માનસિક અને પ્રાણમય સમતુલા અને નિરામયતા હોય છે. તેઓનાં શરીરનાં કોષો પણ આત્મ-વિશ્વાસપૂર્ણ હોય છે અને તેથી તે બાળકનું આરોગ્ય અને જીવનવિષયક દૃષ્ટિકોણ સકારાત્મક હોય છે.

માંદગી, અકસ્માત, ખોટી કેળવણી, અવ્યવસ્થિત-જીવન આ બધાં શરીર અને શારીરિક કોષોની શ્રદ્ધા અને વિશ્વાસનો નાશ કરે છે. માંદો પડે તો તેને સાજો થાય એ બાબતમાં શંકા જન્મે છે. વિકૃત-વિચારો આવી રીતે ખૂબ જ ઘાતક પુરવાર થાય છે. સામૂહિક-સૂચનો તેમાં વધારો કરે તો તે વધારે વિનાશકારી બને છે. અંતે, શરીર સમતુલા ગુમાવી બેસે છે અને શરીરની સ્વયં આરોગ્ય-પ્રાપ્ત કરવાની ક્ષમતાનો સર્વનાશ થાય છે. તેનું આંતરિક-બળ ભાંગી પડે છે. જીવનમાં નિરાશા, અવસાદ, ખોટા-વિચારો, ખોટી-ભાવુકતા વધતાં જાય છે. મન પણ પોતાની સમતુલા અને નિરામયતા ગુમાવવા માંડે છે.

આની સામે શરીરને વિજય અને યશની આંતરિક ખાતરી સતત આપતા રહીને તેનો આત્મવિશ્વાસ ખીલવવો પડે છે. આને જ Positive thinking સકારાત્મક - વિચાર કહેવામાં આવે છે. શરીરમાં બીજરૂપે દિવ્યતા રહેલી જ છે તે બાબત સભાન બનવું જરૂરી છે. બાળકનાં સુંદર સપનાંઓમાં સાથ આપો. તેનો આત્મવિશ્વાસ વધારો.

તમે પૂછશો કે આરોગ્ય, પ્રસન્નતા, આત્મવિશ્વાસ; આ કાંઈ આધ્યાત્મિક-

વસ્તુ નથી. પણ તે તમારી ભૂલ છે. આપણે આધ્યાત્મિકતાનો ખૂબ જ સંકુચિત અર્થ લઈએ છીએ. સાચી વિશાળ-આધ્યાત્મિકતામાં તો ઉપરની વસ્તુઓ પણ આવી જાય છે. શ્રી અરવિંદે અતિમનસનો આવિર્ભાવ આ પ્રકરણમાં લખેલ છે કે અતિમનસ-શક્તિ આપણે જેને આજે આધ્યાત્મિક કહીએ છીએ તેને જ નહિ પણ કહેવાતી બિન-આધ્યાત્મિક વસ્તુઓને પણ સ્થાપશે, જે આધ્યાત્મિક-જીવનમાં મદદરૂપ હોય અને તેને પોષક હોય. આ વસ્તુઓ અવતરણ-રૂપાંતરની પ્રક્રિયાને પણ સહજ અને સર્વમાન્ય કરી નાખશે. શ્રી અરવિંદના મતે તેમાં રાજકારણ અને અર્થકારણ બેનું રૂપાંતર કરવું સહુથી અઘરું જવાનું છે, તેથી હાલના તબક્કે આપણે રાજકારણથી અલિપ્ત જ રહેવા માગીએ છીએ. પણ ભવિષ્યમાં રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેનો સારો સંબંધ, લોક-કલ્યાણકારી સરકારી નીતિ, વિનાશક શસ્ત્રોનો સ્વૈચ્છિક ત્યાગ, માનવી-આપત્તિ સમયે વૈશ્વિક-મદદ, વૈજ્ઞાનિક સંશોધનોનો સામાન્ય માનવના જીવનને સુખમય કરવા ઉપયોગ; આવા વિવિધસ્વરૂપે અધ્યાત્મ જ રાજકારણમાં પ્રવેશવાનું છે.

અર્થકારણમાં પણ એક જ વૈશ્વિક ચલણ, મુક્ત સંચાર, લઘુતમ નફા સાથે જ ઉત્પાદન, વેચાણ, ઉત્પાદનમાંના નફામાં સમાજની ભાગીદારી, શ્રમ કરનાર અને બૌદ્ધિક-જીવન જીવનાર વચ્ચેની શ્રેષ્ઠ-કનિષ્ઠતાનો ત્યાગ, બધાની જ 'શ્રમ'માં સહભાગી થવાની ભાવના, આંતરરાષ્ટ્રીય-ચેતનાનો વિકાસ વગેરે સ્વરૂપે અર્થકારણમાં અધ્યાત્મ પ્રવેશશે. અર્થકારણમાં અધ્યાત્મ પ્રવેશવું સહેલું છે, રાજકારણમાં અઘરું છે. કારણ પહેલાં આર્થિકક્ષેત્રમાં અમુક ધાર્મિક ટ્રસ્ટો, સમાજોપયોગી સંસ્થાઓએ આવી ભૂમિકા સમાજમાં બાંધી જ છે.

આ બધાના પરિણામે શરીર અને તેના કોષો આધ્યાત્મિક-શક્તિઓ અને પરિણામો બાબત વધારે ગ્રહણશીલ બને છે. તેઓ આત્મવિશ્વાસથી દિવ્ય-ચેતનાના પ્રભાવને ખુલ્લામનથી સ્વીકારશે. તેને કારણે અવચેતન અને અચેતનનો પ્રભાવ ઘટતો જશે. કોષો વધારે ને વધારે દિવ્ય-શક્તિનાં પ્રભાવને માગશે, તેમાં આનંદ લેશે.

આ રીતે શરીર અને કોષોમાં અભીપ્સા મજબૂત પાયા ઉપર નિર્માણ થશે અને સ્થપાશે.

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# જગન્માતાનો વૈશ્વિક પ્રયોગ

પ્રકરણ-૧૩૬

(Savitri B-1, C-4, P-63-64)

A witness and student of her joy and dole,
A partner in her evil and her good.
He has consented to her passionate ways,
He is driven by her sweet and dreadful force.
His sanctioning name initials all her works;
His silence is his signature to her deeds;
In the execution of her drama's scheme.
In her fancies of the moment and its mood.
In the march of this obvious ordinary world
Where all is deep and strange to the eyes that see.

પ્રકૃતિને કાર્ય કરવામાં જે આનંદ આવે છે તેનો પુરુષ સાક્ષી બની જાય છે. પ્રકૃતિ જે કાંઇ ઉત્તરભાવથી આપે છે (dole) તે પુરુષ કહ્યાગરા વિદ્યાર્થીની જેમ સહર્ષ સ્વીકારે છે. અને આ રીતે પ્રકૃત્તિ જે કાંઇ સારું નરસું કરે છે તેમાં જાણે પોતે ભાગીદાર થતો હોય છે. (partner) પ્રકૃતિ જ્યારે તેને બાંધે છે, ત્યારે તે તેને માટે નરસું હોય છે. જ્યારે મુકત કરે છે ત્યારે સારું હોય છે. પ્રકૃતિ જે ઉગ્રતાથી અને ઉત્કટતાથી જે કાંઇ કરતી હોય છે, જાણે તેને તે પોતાની મૂક-સંમતિ આપતો હોય છે. અને એ રીતે પ્રકૃતિની મધુર કે ભયંકર (sweet and dreadful)

ગતિવિધિમાં તે તણાતો દેખાય છે. તેની હાજરીને જ (sanctioning name) પ્રકૃતિ પોતાના કાર્યની મંજૂરી અને બહાલી ગણે છે, કારણ તે એમ જ માને છે કે તેનું મૌન એ જ સંમતિ છે એમ પુરવાર કરે છે (મૌનં સંમતિ લક્ષણમ્). પ્રકૃતિ તો પોતાનું ઉત્ક્રાંતિનું મહાનાટક ખેલવામાં જ મશગૂલ હોય છે. (execution) તે મહાનાટક ખેલતાં જ કેટલાએ ભાવો-વિભાવોની રમત તે રમતી હોય છે (fancies of the moment and its mood) આવી રીતે આ સામાન્ય લાગતું જગત અથડાતું કૂટાતું વિકાસ પામતું લાગે છે. પણ તેના તે વળાંકો લેતાં વિકાસને જોનાર પુરુષની આંખ તેમાં ખૂબ જ ઊંડી ગુહ્યતા અને ચમત્કારિક ઘટનાઓને જોતો હોય છે. (deep and strange)

And Nature's common forms are marvel-wefts.
She through his witness sight and motion of might
Unrolls the material of her cosmic Act.
Her happenings that exalt and smite the soul.
Her force that moves, her powers that save and slay.
Her Word that in the silence speaks to our hearts.
Her silence that transcends the summit Word,
Her heights and depths to which our spirit moves.
Her events that weave the texture of our lives
And all by which we find and lose ourselves.
Things sweet and bitter, magnificent and mean.
Things terrible and beautiful and divine.

પ્રકૃતિની સામાન્ય દેખાતી વસ્તુની ગૂંથણી પણ (wefts) ગૂઢતા જ સૂચવતી હોય છે. પ્રકૃતિ પાસે પોતાની કાર્ય કરવાની પ્રચંડ ક્ષમતા હોય છે (motion of might) અને પુરુષ તો માત્ર સાક્ષીભાવે જોતો હોય છે. પણ આ બે વસ્તુનો સંબંધ આવતા જ જાણે પ્રકૃતિ પોતાનું વૈશ્વિક - કાર્ય (cosmic Act) ચાલી રહ્યું છે તેની

જાણે બધી વિગતો પુરુષ સામે ધરવા માંડે છે (Unrolls) આને કારણે ઘણી વખત પુરુષ ઉપર આઘાતો (smite) પણ થાય છે અને કોઈ વખત પુરુષ પોતાના મૂળ સ્વરૂપની ઝલક પામીને દિવ્યતામાં આરોહણ પણ કરે છે. (exalt) પણ આ બધી જ ઘટનાઓ પાછળ પ્રકૃતિની શક્તિ જ કાર્ય કરતી હોય છે (Her force that moves) પ્રકૃતિ પોતે તો રચનાત્મક કે વિધ્વંશાત્મક કાર્ય પોતાની રીતે પૂરજોશમાં ઉપાડી લે છે, પણ આ બધી પળોજણની પાછળનો ઉદ્દેશ (Word) આપણે સાધક તરીકે શાંત હૃદયમાં સમજતાં જ હોઈએ છીએ. તે કાર્યો પાછળ જે ભવ્યતા (heights) અને ઊંડાણ (depths) રહેલા છે, તેને સમજીને આપણો આત્મા તે અનુસાર વર્તે છે (moves). પ્રકૃતિનો કાર્યકલાપ જે આપણા જીવનનાં તાણાંવાણાં ગૂંથતો હોય છે (weave the texture) તેને કારણે આપણે આત્માની સભાનતા પ્રાપ્ત કરીએ છીએ કે ભૂલી જઈએ છીએ (find and lose) તે તાણાંવાણાંનો કારણે ઘટનાઓ કડવીમીઠી લાગે છે, અથવા મહાન અથવા ક્ષુદ્ર (magnificent and mean) લાગે છે. કોઈ વખત મધુર તો કોઈ વખત કડવી ઝેર જેવી લાગે છે. કોઈ વખત દિવ્યતા પણ અર્પે છે. આ બધું જ પુરુષ સાચા અર્થમાં લેતો હોય છે અને પોતાની આધ્યાત્મિક પ્રગતિ કરતો હોય છે. અનુભવોની ઈંટોનો ઉપયોગ કરી પોતાના આત્મજાગૃતિનું મંદિર બાંધતો હોય છે.

Her empire in the cosmos she has built.
He is governed by her subtle and mighty laws.
His consciousness is a babe upon her knees,
Her endless space is the playground of his thoughts,
His being a field of her vast experiment:
She binds to knowledge of the shapes of Time
And the creative error of limiting mind

And chance that wears the rigid face of fate
And her sport of death and pain and Nescience.
His changed and struggling immortality.

આવી રીતે વ્યક્તિ વિકાસ દ્વારા જગન્માતા બધા આત્માઓને વિકસાવવાનો પ્રયત્ન કરતી હોય છે અને એ રીતે સમગ્ર બ્રહ્માંડમાં પોતાનું એક અદ્ભુત સામ્રાજય નિર્માણ કરે છે. (empire) તેમાં દરેક પુરુષતત્ત્વ જગન્માતાના સમર્થ અને સૂક્ષ્મ નિયમો દ્વારા સાશિત થતો હોય છે. (subtle and mighty) આવી રીતે આ નિયમો દ્વારા જગન્માતા પોતાનાં દરેક બાળકને (babe) પોતાના ખોળામાં (knee) લઇ જાણે રમાડતી હોય છે. જગન્માતાના અનંત ચેતોવિસ્તારમાં (endless space) અનંત વિચારો ઘુમરીયા ખાતા વિશ્વ - પ્રવાસ કરતા હોય છે. પુરુષ તત્ત્વ પોતાની પ્રવૃત્તિ દ્વારા તેને પોતાનો બનાવે છે, સ્વીકારે છે અને પાછો પેલા ચેતોવિસ્તારમાં રમતો મૂકી દે છે જાણે તે ચેતોવિસ્તાર એ તેને માટે રમતનું મેદાન હોય અને વિચારો રમવાનો દડો !

જગન્માતા આ બધી પ્રક્રિયાઓ મારફત તેનો વિકાસ કરતી હોય છે, પણ તેનો વિકાસ કાંઇ સ્વતંત્ર અથવા અન્યોના વિકાસથી તદ્દન અસંબદ્ધ હોતો નથી પણ બધાંનો વ્યક્તિગત વિકાસ એ તો મહાન વૈશ્વિક વિકાસના પ્રયોગનો એક નાનકડો અંશ હોય છે (vast experiment) તેમાં કયા કાળખંડમાં કઇ ઘટના સાકાર થશે (shapes of Time) તેની બાબતના પોતાના ત્રિકાળજ્ઞાનનો ઉપયોગ કરીને જ બધું ગોઠવવામાં આવેલું હોય છે. તેમાંની બધી જ ઘટનાઓ આગામી ઘટનાના પાયારૂપ બની જતી હોય છે પણ માનવીનું સંકુચિત મન તેને પોતાની ભૂલ કે આકસ્મિક ઘટનામાં ખપાવી દે છે. (chance) બધી ઘટના પોતાનો નિયોજીત હેતુ પૂરો કરે જ છે (creative) દુ:ખ, મૃત્યુ અને અજ્ઞાન પણ આમાં બાકાત નથી. બધા જ પુરુષોની સનાતનતાને સાકાર કરવાના સંઘર્ષમાં જોડાઇ રહ્યા છે.

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# ચૈત્યપુરુષનું સ્વરૂપ

(ભાગ.૧, પૃ.૩૨૩-૩૩૧)

પ્રકરણ - ૧૨

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ચૈત્યપુરુષ એવું કેન્દ્ર હોય છે જે દિવ્ય-શક્યતાઓથી સભર હોય છે. તે મન, પ્રાણ અને શરીરનાં વિવિધ આવિર્ભાવોને ટેકો આપતો રહે છે. બધાં જ જીવંત પ્રાણીઓમાં હોય છે. શરૂઆતમાં તેનો વિકાસ થતો નથી. વારંવાર અગ્રભાગે આવતો નથી. પૃ.૩૨૩

૨. પ્રભુ પ્રત્યે વળવાની અનુભૂતિ દ્વારા તે ચેતનામાં વૃદ્ધિ પામે છે. ચૈતસિક - વ્યક્તિત્વ ખીલી ઉઠે છે. પૃ.૩૨૨

૩. પ્રાચીન - પદ્ધતિમાં હૃદયમાં રહેલ પુરુષ (હૃદયે ગુહાયામ) અને આપણે જેની ચૈત્યપુરુષ તરીકે વ્યાખ્યા કરએ છીએ તેની સાથે બરાબર સામ્ય દર્શાવે છે. પૃ.૩૨૪

૪. અહંભાવ એ પ્રકૃતિની રચના છે. પૃ.૩૨૫

૫. આંતરસ્વરૂપ આંતરમન, અંતરપ્રાણ અને આંતરશારીરિકનું બનેલું હોય છે, પણ તે ચૈત્યપુરુષ નથી. પૃ.૩૨૫

૬. લોહી ચૂસનાર પ્રેતમાં ચૈત્યપુરુષ હોતા નથી કારણ તે પ્રાણમય - સત્ત્વ હોય છે. પૃ.૩૩૦

૭. ચૈત્યપુરુષ અને ચેતના બન્ને એક નથી. પૃ.૩૩૧

૮. દિવ્ય - સ્ફૂલિંગ સંગઠિત પ્રાણ અને મનના વિકાસ પહેલાં પણ હાજર હોય છે. પૃ.૩૩૧

૯. તે મન, પ્રાણ અને શરીરરૂપી કરણનો ઉપયોગ કરીને જન્માંતરોમાં વિકાસ કરતો જાય છે. પૃ.૩૩૧

૧૦. સમગ્ર ચેતનાએ - મનોમય, પ્રાણમય અને શારીરિક-ચેતનાએ પણ, આરોહણ કરવાનું છે અને ઊર્ધ્વચેતના સાથે મિલન સાધવાનું છે. પછી ઊર્ધ્વચેતનાએ તેમની અંદર અવતરણ કરવાનું છે. પૃ.૩૩૧

*****

ચૈત્યપુરુષ એટલે આપણા સ્વરૂપનો એવો અંશ જે અતિમનસ - ચેતના સાથે સીધેસીધા સંપર્કમાં હોય છે, આવી એક શિષ્યે કરેલી વ્યાખ્યા બાબત શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે કે તેવી વ્યાખ્યા યોગ્ય નથી. કારણ ચૈત્યપુરુષ જો વિકાસ પામેલો ન હોય અર્થાત્ જો તે સ્ફૂલિંગે પોતાની આજુબાજુ દિવ્ય-પ્રકૃતિનું વ્યવસ્થિત સ્વરૂપ રચેલું ન હોય તો તેનો સીધેસીધો અતિમનસ - ચેતના સાથે સંપર્કમાં હોતો નથી. પણ તેનામાં બીજસ્વરૂપે તે સંપર્ક વિકસાવવાની ક્ષમતા જરૂર હોય છે.

ચૈત્યપુરુષની નીચેની વિશેષતા આ બાબતમાં કાયમી સ્વરૂપે ધ્યાનમાં રાખવી જરૂરી છે :

૧ તેણે પોતાના દિવ્યસ્વરૂપનો હજી વિકાસ સાધેલો હોતો નથી. તે પ્રકાશજ્યોત કે સ્ફૂલિંગ સ્વરૂપનો હોય છે. પ્રભુની હાજરી અનુભવવાની અને તેને સમર્પિત રહેવાની જન્મજાત ક્ષમતા તે ધરાવે છે.

૨ તે આપણાં મન, પ્રાણ, શરીર અર્થાત્ અપરાપ્રકૃતિથી આચ્છાદિત હોય છે અને શરૂઆતમાં તેનો પ્રભાવ પણ આ અપરાપ્રકૃતિ ઉપર પડતો નથી તેથી તે આપણા સ્વરૂપમાં અગ્રભાગે આવીને સભાન રીતે કાર્ય કરી શકતો નથી.

૩ તે અપરાપ્રકૃતિના બધા વ્યવહારોને ટેકો આપતો હોય છે.

૪ તેમાં દિવ્ય-શક્યતાઓ બીજસ્વરૂપે રહેલી હોય છે.

૫ તે બધાં જ જીવંત પ્રાણીઓમાં અચૂક હોય જ છે પણ જ્યાં પ્રકૃતિ પૂરેપૂરી આસુરી હોય ત્યાં જાણે મૂર્છિત સ્વરૂપમાં હોય છે, તેમ જ વિકસિત કે અવિકસિત હોય છે. તેની અવિકસિત અવસ્થાને ચૈતસિક - તત્ત્વ કહે છે.

વિકસિત અવસ્થાને ચૈત્યપુરુષ કહે છે.

૬ મન, પ્રાણ, શરીરની શુદ્ધિ અને દિવ્યતાના પ્રમાણમાં બાહ્યવર્તનોમાં પ્રગટ થઈ શકે છે અને પોતે વિકાસ પામે છે.

૭ અંગ્રેજીમાં SOULના અર્થમાં માનસિક રચના અને આત્મા બન્નેનો સમાવેશ થઈ જાય છે. તેવું જ Psychic શબ્દ બાબતમાં પણ છે. બન્ને લગભગ પ્રાણમય - પુરુષના અર્થમાં વધારે વપરાય છે.

૮ મન અને પ્રાણ બન્નેની સીમારેખાઓ જ્યાં મળે છે ત્યાં તે હૃદયમાં ઊંડે ઊંડે રહે છે. આ હૃદય એટલે ભૌતિક-હૃદય નહિ પણ ઊર્મિકેન્દ્રની પણ પાછળનો ભાગ.

૯ ચૈત્યપુરુષ મન, પ્રાણ, શરીરને શુદ્ધ અને દિવ્ય કરવામાં મદદરૂપ થાય છે.

૧૦ ચૈત્યપુરુષ મૃત્યુબાદ પણ અસ્તિત્વ ધરાવે છે અને તે જ સ્વેચ્છાએ જન્મમૃત્યુની પ્રક્રિયા સ્વીકારી વિકાસ પામે છે.

૧૧ ચૈત્યપુરુષ એટલે ચમત્કારિક ગૂઢ ક્ષમતાઓ (Psychic Powers) નહિ. તે પ્રકાશમય અહંકાર પણ નથી. તે મનોભાવનિક રચના પણ નથી.

૧૨ અંતઃકરણ એટલે પણ ચૈત્યપુરુષ નથી, અંતઃકરણ આપણી આંતરિક-ઇન્દ્રિયોસ્વરૂપ છે. તે જ્ઞાન મેળવવાની આંતરિક-પ્રક્રિયાઓ પૂરી કરે છે.

૧૩ અહંકાર નષ્ટ થવા છતાં ચૈત્યપુરુષ રહે જ છે. અહંકાર એ પ્રકૃતિની રચના છે. ચૈત્યપુરુષ એ પુરુષનું એક સ્વરૂપ છે.

૧૪ ચૈત્યપુરુષ પ્રભુને સદા સમર્પિત હોય છે. પ્રભુવિરોધી તત્ત્વોથી તે મુખ ફેરવી લે છે.

૧૫ એવા પણ આસુરી - સ્વરૂપો છે જેમાં ચૈત્યપુરુષ હોતો જ નથી. દેવોમાં પણ ચૈત્યપુરુષ નથી અને અસુરોમાં પણ નથી. તેથી તેમની ઉત્ક્રાંતિ અને વિકાસ થવો શક્ય નથી. જો તેમને વિકાસ સાધવો હોય તો તેમણે ચૈત્યપુરુષને ધારણ કરવો જરૂરી છે અને જન્મમૃત્યુની પ્રક્રિયામાં પ્રવેશવું પડે છે.

૧૬ ચૈત્યપુરુષ પોતે વિકાસ પામતો હોવાથી તે ક્ષરપુરુષ છે, અક્ષરપુરુષ

નથી.

૧૭ આંતરમન, આંતરપ્રાણ અને આંતરપાર્થિવ તત્ત્વનું બનેલું આપણું એક આંતરસ્વરૂપ પણ છે, પણ તે ચૈત્યપુરુષ નથી પણ ચૈત્યપુરુષનો તે સીમાવર્તી ભાગ હોવાથી તેના પ્રકાશથી પ્રકાશિત હોવાથી વધારે શુદ્ધ હોય છે. આંતરસ્વરૂપ ચૈત્યપુરુષ અને આપણા બાહ્યસ્વરૂપને જોડનારું વચગાળાનું સ્વરૂપ છે.

૧૮ મૃત્યુના સમયે ચૈત્યપુરુષ ભૌતિક - શરીર છોડે છે પણ સૂક્ષ્મ શરીરને સાથે લઈ જાય છે. તેથી મન, પ્રાણ અને સૂક્ષ્મ પાર્થિવતત્ત્વ પણ તેની સાથે જાય છે. જ્યારે ચૈત્યપુરુષ સૂક્ષ્મશરીર છોડે છે ત્યારે પોતાની સાથે કારણશરીરને લઈ જાય છે. કારણશરીર આ સનાતન શરીર છે. તેને જ વિકસાવવાનું કામ ચૈત્યપુરુષ કરતો હોય છે. તે વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષનું બનેલું હોય છે.

૧૯ વનસ્પતિમાં ચૈત્યપુરુષ હોય જ છે પણ તેની પાસે અભિવ્યક્ત કરવાનાં વિકસિત કરણો હોતા નથી. તેથી આત્મતત્ત્વ ફક્ત પોતાની સુંદરતા ફૂલ, પાંદડા દ્વારા પ્રગટ કરી શકે છે, પણ ચેતનાને પ્રગટ કરી શકતો નથી. પ્રાણીમાં ચેતનાને પ્રગટ કરવાની ક્ષમતા પણ આવે છે. પણ તે ખૂબ જ પ્રાથમિક અને અશુદ્ધ - સ્વરૂપની હોય છે. માનવમાં તે ક્ષમતા વિકાસ પામે છે અને અતિમાનવમાં પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

૨૦ ભૂત એ ચૈત્યપુરુષ નથી પણ તે સૂક્ષ્મશરીરનો આવિર્ભાવ માત્ર છે. તે મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મપાર્થિવ રચના હોય છે.

૨૧ ચૈત્યપુરુષ જ મૃત્યુ સમયે પોતાના વર્તમાન જીવનનું સર્વેક્ષણ કરે છે અને પોતાની ત્રુટીઓ નિશ્ચિત કરી તે પૈકી આવતા જન્મમાં કઈ નિવારવી તેનો નિર્ણય લે છે. તે નિવારણને મદદરૂપ ગુણોને પણ પોતાની સાથે લે છે, તેમાં આવતા અવરોધોને પણ. આમ આવતા જન્મની રૂપરેખા તૈયાર કરે છે.

૨૨ પુનર્જન્મમાં ગતજન્મની સ્મૃતિઓ ત્યારે જ નિર્માણ થાય છે જ્યારે તે પ્રસંગને કારણે તેના ચૈત્યપુરુષ ઉપર ઘેરો પ્રત્યાઘાત થયો હોય, આ પરિણામ દુ:ખદ કે સુ:ખદ પણ હોય છે.

ઘણી વખત પુનર્જન્મની દેખાતી ઘટના ખરેખર પુનર્જન્મ હોતો નથી પણ નવા જન્મમાં ગતજન્મનાં શરીરોનાં અવશેષો જડાઈ જવાથી તે અવશેષોમાં રહેલાં પ્રાણમય તીવ્ર આવેગો પ્રગટ થવા માંડે છે. આવા અવશેષોને પ્રાણમય ઘડતર કહેવાય છે, જે થોડોકાળ સ્વતંત્ર રીતે જીવે છે અને ક્યાંક જોડાઈને પોતે પ્રગટ પણ થાય છે. આ એક પ્રકારનો ઘડતરનો વળગાડ જ હોય છે. ચૈત્યપુરુષ પુનર્જન્મ લે છે પણ તેના દર જન્મે મન, પ્રાણ, શરીર જુદાં જ હોવાથી પાછલી ઘટનાઓનાં સંસ્મરણો હોતાં નથી પણ તેને કારણે નિર્માણ થએલાં સંસ્કારો જ તે સાથે લાવે છે. છતાં પણ અપવાદાત્મક કિસ્સામાં પૂર્વજન્મનાં ખાસ પ્રસંગોની સ્મૃતિ યથાવત્ રહી જઈને સ્મૃતિરૂપે પ્રગટ થતી હોય છે જે પુનર્જન્મનો ભાસ રચે છે.

ભૂતોમાંના ડાકણ, ચુડેલ, બ્રહ્મરાક્ષસ, પિશાચ; આ બધાં મૃત્યુ પામેલાંના પ્રાણમય કે મનોમય શરીરો જે હજી વિઘટિત થયાં નથી તે હોય છે. તેમનો ઉદ્દેશ પોતાની વાસનાઓ તૃપ્ત કરવી અને પોતાના સૂક્ષ્મશરીરની આવરદા વધારવા પ્રાણશક્તિ મેળવવી એ જ હોય છે.

સારાંશ, જેટલા પુરુષનાં પ્રકાર છે તેટલાં ચેતનાનાં પ્રકાર છે. ચૈત્યપુરુષ એ પણ ચૈતસિક - ચેતનાની કક્ષાનો પુરુષ છે. તે જીવાત્મા, મનોમયપુરુષ, પ્રાણમયપુરુષ, સૂક્ષ્મપાર્થિવપુરુષ કે ભૌતિકપુરુષથી જુદો છે. તેનું કાર્ય પણ વિશેષ સ્વરૂપનું છે. તે જીવાત્માના ટેકાથી રહેલો હોય છે. વ્યક્તિસ્વરૂપ ચેતના છે અને આપણી પરા અને અપરાપ્રકૃતિની પાછળ ઢંકાઈને રહેલો છે. તેને જીવાત્માએ ધારણ કરેલા સંકલ્પાનુસાર પોતાનું દિવ્ય - સ્વરૂપ રચવું છે જેથી પ્રભુ તેની દ્વારા તે સંકલ્પાનુસાર ખાસ સ્વરૂપે પ્રગટ થાય. તે માટે જ તે અનુભવો દ્વારા તે ખાસ સ્વરૂપ રચવા જન્મ - મૃત્યુની પ્રક્રિયામાં પ્રવેશેલો છે. તે દરમિયાન તે પોતાની અપરાપ્રકૃતિનું રૂપાંતર સાધી તેને પરાપ્રકૃતિમાં રૂપાંતરિત કરે છે. અનુભવથી મળેલા ઘાટને ટકાવી રાખી પોતાનું ખાસ સ્વરૂપ તૈયાર કરે છે. વેદોમાં તેને અગ્નિ કહ્યો છે, જે જીવનયજ્ઞનો પુરોહિત છે અને તે પોતાના વિકાસની રૂપરેખા જાણતો હોવાથી તેને 'જાત-વેદસ' કહે છે. જાત - વેદસ એટલે જે સ્વરૂપ જન્મ્યું છે તેની બધી જ વિગતો જાણનાર.

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## (૨)કેનોપનિષદ

(ઉપનિષદો, પૃ.૧૦૧-૧૧૦)

પ્રથમ ભાગ

(૧) કેનેષિતં પતતિ પ્રેષિતં મનઃ। કેન પ્રાણઃ પ્રથમઃ પ્રૈતિ યુક્તઃ।
કેનેષિતા વાચમમમાં વદંતિ। ચક્ષુ શ્રોત્રં ક ઉ દેવો યુનકિત ॥૧॥

કોની પ્રેરણાથી (કેનેષિતં) મન પોતાના વિષયપ્રતિ જાય છે ? (પ્રેષિતંમન) કોના સાથથી (કેનયુક્તઃ) મૂળ પ્રાણશક્તિ (પ્રથમપ્રાણઃ) (શરીરનાં કાર્યોમાં) જોડાય છે ? (યુક્તઃ) કોના હુકુમથી (કેનેષિતાં) વાણી (વાચં) આ બધું બોલે છે ? (ઈમાં વાચં વંદંતિ) કયા દેવ વડે (કઉ દેવો) આંખ અને કાન (ચક્ષુઃ શ્રોત્રં) પોતાના કાર્યો કરે છે ? (યુનક્તિઃ)

(૨) ક્ષોત્રસ્ય શ્રોત્રં મનસોમનોયત્। વાચો હવાચં સઉ। પ્રાણસ્ય પ્રાણઃ।
ચક્ષુશ્ચક્ષુરતિમુચ્ય ધીરાઃ। પ્રેત્યાસ્મા લ્લોકાદમૃતા ભવંતિ ॥૨॥

જે કાનનો કાન છે (શ્રોત્રસ્ય શ્રોતઃ) મનનું મન છે (મનસો મનોયત્) વાણીની પણ વાણી છે (વાચો હવાચં) તે જ આપણા જીવનનું જીવન છે (સઉ પ્રાણસ્ય પ્રાણઃ) અને દૃષ્ટિની પણ દૃષ્ટિ છે (ચક્ષુશ્ચક્ષુઃ) હોશિયાર લોકો આ બાહ્યજગતથી પર થઈ જઈ (અતિમુચ્ય ધીરાઃ) મરણ બાદ (પ્રેત્યાત્) તેઓ અમરતાને પ્રાપ્ત કરે છે. (અમૃતાભવંતિ)

(૩) ન તત્ર ચક્ષુર્ગચ્છતિ ન વાગ્ગચ્છતિ નો મનો
ન વિદ્મો ન વિજાનીમો યયૈતદનુશિષ્યાત્।
અન્યદેવ તદ્વિદિતા દયો અવિદિતાદધિ।
ઈતિ શુશ્રુમ પૂર્વેષાં યે નસ્તદ્વયાચચક્ષિરે ॥૩॥

ત્યાં ચક્ષુ પહોંચી શકતાં નથી (ન તત્ર ચક્ષુર્ગચ્છતિ) ન વાણી (ના

વાગ્ગચ્છતિ) ન મન (ન મનો) આપણે તેને જાણતા નથી (ન વિદ્મો) તેની સમજણ કઈ રીતે આપવી તે પણ જાણતા નથી (ન વિજાનીમો યથૈતદનુ શિષ્યાત્) તે આપણે જાણીએ છીએ તે દેવોથી જુદા છે (અન્યદેવો તદ્વિદિતાદયો) તે જે અજ્ઞાત છે તેથી પણ ઊર્ધ્વમાં છે (અવિદિતાદધિ) અમે એ પ્રમાણે પ્રાચીન લોકો પાસેથી સાંભળ્યું છે (ઇતિ શુશ્રુમ પૂર્વેષા) જેમણે અમને તે સમજાવવાનો પ્રયત્ન કર્યો (યે નસ્તદ્વયાચચક્ષિરે)

(૪) યદ્વાચાનભ્યુદિતં યેન વાગભ્યુદ્યતે।
તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ નેદં યદિદમુપાસતે॥૧॥

જે વાણીથી વ્યક્ત કરી શકાતું નથી (યદ્વાચાનભ્યુદિતં) પણ જેનાથી વાણી પ્રગટ થાય છે (યેન વાગભ્યુદ્યતે) તેને જ બ્રહ્મ તરીકે જાણો (તદેવબ્રહ્મ ત્વં વિદ્ધિ) પણ લોકો જેની આ ઉપાસના કરે છે તે નહિ (નૈદં યદિદમુપાસતે)

(૫) યન્મનસા ન મનુતે યેનાહુર્મનો મતમ્।
તદેવબ્રહ્મ ત્વં વિદ્ધિ નૈદં યદિદમુપાસતે॥૫॥

જે મનથી વિચાર કરતું નથી (યન્મનસા ન મનુતે) પણ જેને કારણે મન વિચાર કરે છે (યેનાહુર્મનો મતમ્). તેને જ તું બ્રહ્મ તરીકે જાણ (તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ) પણ લોકો જેની આ ઉપાસના કરે છે તે નહિ (નૈદં યદિદમુપાસતે)

(૬) યચ્ચક્ષુસા ન પશ્યતિ યેન ચક્ષુષિ પશ્યતિ।
તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ નૈદં યદિદમુપાસતે॥૬॥

જે આંખોથી જોતું નથી (યચ્ચક્ષુસા ન પશ્યતિ) પણ જેનાથી ચક્ષુઓ જોઈ શકે છે (યેન ચક્ષુષિ પશ્યતિ) તેને જ તું બ્રહ્મ તરીકે જાણ (તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ) તે નહિ જેને હાલમાં તું લોકોને અનુસરી ઉપાસે છે (નેદં યદિદમુપાસતે)

(૭) યત્ છોત્રેણ ન શૃણોતિ યેન શ્રોત્રમિદં શ્રુતમ્।
તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ નૈદં યદિદમુપાસતે॥૭॥

જે કાનથી સાંભળતું નથી (યત્ છોત્રેણ ન શૃણોતિ) પણ જેના વડે કાન સાંભળી શકે છે (યેનશ્રોત્રમિદં શ્રુતમ્) તેને જ તું બ્રહ્મ તરીકે જાણ (તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ) તે નહિ જેની તું ઉપાસના કરે છે (નૈદં યદિદમુપાસતે)

(૮) યત્પ્રાણેન ન પ્રાણેતિ યેન પ્રાણઃ પ્રણીયતે।
તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ નેયં યદિદમુપાસતે॥૮॥

જે પ્રાણથી જીવતું નથી. (યત્પ્રાણેન ન પ્રાણેતિ) પણ જેનાથી પ્રાણ સંચરે છે (યેન પ્રાણ પ્રણીયતે) તેને જ તું બ્રહ્મ તરીકે જાણ (તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ) તે નહિ જેની તું ઉપાસના કરે છે (નેદં યદિદમુપાસતે)

**વિભાગ બીજો**

(૧) યદિ મન્યસે સુવેદ્વેતિ બ્રહ્મમેવાપિ નૂનં ત્વં વેત્થ બ્રહ્મણો રુપમ્।
યદસ્ય ત્વં યદસ્વ યેવેષ્વથનુ મીમાંસ્યમેવ તે મન્યે વિદિતમ્॥૧॥

જો તમને લાગે છે કે તમે તેને જાણો છો (યદિ મન્યસે સુવેદ્વેતિ બ્રહ્મમ્) છતાં પણ તમે બ્રહ્મનું ખૂબ અલ્પ રૂપ જ જાણો છો (એવાપિ નૂનં ત્વં વેત્થ બ્રહ્મણો રૂપમ્) તમે જેના બનેલા છો (યદસ્ય ત્વં) દેવો જેના બનેલાં છે (યદસ્ય દેવેષુ) એવી જ સમજણ કેળવાય (અથ નુ મીમાંસ્યમેવ) તેને હું બ્રહ્મ જાણ્યું એમ સમજું છું (તે મન્યે વિદિતમ્)

(૨) નાહં મન્યે સુવેદેતિ નો ન વેદ્વેતિ વેદચ।
યો નસ્તદ્વેવ નો ન વેદેતિ વેદ ચ॥૨॥

તેને હું બરાબર જાણું છું એમ માનતો નથી (નાહં મન્યે સુવેદિતિ) છતાં (નો) જાણું છું કે તે અજાણ નથી (ન વેદ્વેતિ વેદ) આપણામાંથી જે તેને જાણે છે (યો નસ્તદ્વેહ) તે જાણે છે કે (તદ્વેદ) કે તે આપણા માટે અજ્ઞાત તો નથી જ (નો ન વેદેતિ વેદ ચ)

(૩) યસ્યામતં તસ્ય મતં મતં યસ્ય વેદ સઃ।
અવિજ્ઞાતં વિજાનતાં વિજ્ઞાતમવિજાનતામ્॥૩॥

જેણે તેના માટે બૌદ્ધિક ચિંતન કરેલ નથી (યસ્યામતં) (પણ અનુભવ કર્યો છે) તેણે જ તેનું સાચું ચિંતન કર્યું કહેવાય (તસ્ય મતં) તે જેણે તેનું બૌદ્ધિક ચિંતન કર્યું છે તે જાણતો નથી. તે બૌદ્ધિક ચિંતન માટે અજાણ છે (અજ્ઞાતં વિજાનતાં) જે તેને બૌદ્ધિક ચિંતન માટે નથી લેતા પણ અનુભવવા પ્રયત્ન કરે છે

(અવિજાનતામ્) તે જ જાણે છે. (વિજ્ઞાતમ્)

(૪) પ્રતિબોધવિદિતં મતમમૃતત્વં હિ વિંદતિ।

આત્મના વિંદતે વીર્યં વિદ્યયા વિંદતેઽમૃતમ્॥૪॥

જ્યારે તે આંતરદૃષ્ટિથી દેખાય છે (પ્રતિબોધવિદિતં) ત્યારે જ તેની બાબતનું ચિંતન શરૂ થાય છે કારણ તે અમરતાને પામે છે (મતમમૃતત્વં હિ વિંદતે) પોતાની ઉત્કટ જિજ્ઞાસાથી અનુભવવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે (આત્મના વિંદતે વીર્યમ્) અને અનુભવથી અમરતા મળે છે (વિદ્યયા વિંદતેઽમૃતમ્)

(૫) ઈહ ચેદવેદીદથ સત્યમસ્તિ। ન ચેદિહાવેદીન્મહતી વિનષ્ટિઃ।

ભૂતેષુ ભૂતેષુ વિચિંત્ય ધીરાઃ। પ્રત્યાસ્માલ્લોકાદમૃતા ભવંતિ॥૫॥

જો અહીં (પૃથ્વી ઉપર) તે જાણવાનું છે (એમ માને છે) (ઈહ ચેદવેદીદથ)તો તે સાચું જ છે (સત્યમસ્તિ) જો અહીં તે બ્રહ્મ જાણી શકાતું નથી એમ માને (ન ચેદિહાવેદીન્) તો મહાન વિનાશ જ સર્જાય છે (મહતી વિનષ્ટિઃ) દરેક અને બધાં પ્રાણી માત્રમાં તેનો અનુભવ ધીરપુરુષો કરે છે (ભૂતેષુ વિચિંત્ય ધીરાઃ) આ લોકમાંના મૃત્યુ પછી તેઓ અમરતા સ્વરૂપ બની જાય છે (પ્રેત્યાસ્માલ્લોકાદમૃતા ભવંતિ)

---

(પૃ.૫૦ ઉપરથી)

## પ્રાર્થનાઓ અને ધ્યાન

આ બન્ને ક્રિયા આપણને શ્રી અરવિન્દના પ્રતીકમાં રહેલ બે ત્રિકોણની સમજૂતી આપે છે.

શ્રી અરવિન્દના પ્રતીકમાં દર્શાવ્યા મુજબની આરોહણની અને અવતરણની ક્રિયા ત્યારે જ થઈ શકે જ્યારે માનવ અપરા પ્રકૃતિસ્થ શ્રી માતાજીની જેમ સક્રિય ધ્યાનની અવસ્થા પ્રાપ્ત કરે. આ કારણને લઈને શ્રી અરવિન્દે શ્રી માતાજીએ લખેલી પ્રાર્થનાઓને ‘‘પ્રાર્થનાઓ અને ધ્યાન’’ શીર્ષક આપેલ છે.

જગદંબાએ અનેક કષ્ટ વેઠીને આપણા માટે પાર્થિવ ચેતનાને દિવ્યચેતનામાં રૂપાંતર કરવાનો જે માર્ગ કંડારી આપ્યો છે તે માર્ગ ઉપર ઉર્ધ્વગમન કરીએ એવી કરુણામયી માને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

# સૂર્ય, સવિતૃનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૩-૧૦૬)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

આપણું ભૌતિક અસ્તિત્વ યાંત્રિક રીતે અવચેતન નીચે કાર્ય કરે છે. તે રાત્રિમાં સૂર્યને લઈ જવો છે. ઉષા પુરોગામી બને છે. સૂર્ય પછી ઉગે છે. 'સુ'નો અર્થ સુભગ, પવિત્ર, દિવ્ય એવો પણ થાય છે.

મરુતો તેને નિમ્ન ભાગોમાં લઈ જાય છે. જેમને દિવ્ય કરી સવિતૃ સ્વર પ્રત્યે આરોહણ કરાવે છે. તેને ઋત્‌નો સ્પર્શ આપે છે. સવિતૃ સર્જક છે. પૂષન્ પોષક, સવિતૃ આંતરપ્રેરણા, આંતરદર્શના, આંતરશ્રવણના પ્રવાહોને વહેતા કરે છે. તેને કારણે જે સમજણ પેદા થાય છે, દિવ્યપ્રકાશને, અવતરણને માફક આવે એવી ચેતનાનું વાતાવરણ સર્જે છે. આપણા સ્વરૂપના શિખરો પ્રકાશમય થાય છે, તે જ 'સ્વર્' છે.

તે જ પ્રકારે માનસિક-વિકાસનાં તબક્કાઓ પણ ક્રમશઃ રચે છે. આમ ત્રણ પ્રકાશમય લોકો રચાય છે. જેને 'ત્રીણિ-રોચનાનિ' કહે છે. તે છે સંવેદનાત્મક મન, તર્કશક્તિયુક્ત ચેતનાત્મક બુદ્ધિ, અને અંતે દિવ્યમન, તેમને 'તિસ્રો દિવઃ' પણ કહે છે.

વૈદિક ઋષિઓની વિશ્વસર્જનની રચના અને વ્યક્તિસર્જનની રચનાને જુદી ગણતા નથી. વૈશ્વિક રચનાનો જ અંશ વ્યક્તિરચના હોવાથી બંને સતત જોડાએલાં જ હોય છે. જે બ્રહ્માંડમાં છે તે પિંડમાં પણ હોય છે. કારણ તેની લઘુ આવૃત્તિ વ્યક્તિમાં પણ હોય છે. જગતને objective ગણીએ અને વ્યક્તિને subjective ગણીએ, તો બંને એક જ અસ્તિત્વનાં બે પાસાંસ્વરૂપ લાગે છે. આ માનસશાસ્ત્ર આપણને સમજાય તો વૈદિક ઋષિઓનાં કથનો તરત સમજાશે.

આમ ત્રિલોક સર્જાય છે. ભૂ, ભૂર્વ, સ્વઃ રચાય છે અથવા પાર્થિવ લોક, પ્રાણમય લોક, મનોમય લોક રચાય છે.

આમ સમગ્ર બ્રહ્માંડ અને પિંડ બંને ચેતનાનું જ સર્જન છે. પ્રભુનો સંકલ્પ જ આ રચના કરે છે. આ સર્વ સમાવેશ વસ્તુ એ જ 'બૃહત્' છે, તેથી ઋષિઓ આંતરિક પ્રક્રિયાઓ વર્ણવવા બાહ્ય કુદરતની પ્રક્રિયાઓને રૂપક તરીકે સ્વીકારે એ સહજ છે. વૈદિક - ઋષિઓ માનવી આત્માને દિવ્યપ્રકાશમાં વિકસતા સમજાવવાં તેના બાહ્ય કારણો તરીકે પ્રકાશ-અંધકારનાં બે વિરોધી તત્ત્વોનો સંઘર્ષ વર્ણવે છે. દેવો પોષક તત્ત્વો છે. અસુરો વિચ્છેદક તત્ત્વો. આપણો ચૈત્યપુરુષ દિવ્ય પ્રકાશ ઉપર નભે છે અને તેમાંથી પ્રેરણા મેળવે છે. ચૈત્યપુરુષ જીવન - યજ્ઞ વિકસાવવા વિવિધ સત્ત્વોને પોતાના સંચિત કર્મોના આધારે સમજી મદદરૂપ થાય છે. કોઈ વખત પરિસ્થિતિને સમજીને - વિપશ્ચિતઃ ચૈત્યપુરુષને આગળ લાવી તેનો વિકાસ સાધે છે. ચૈત્યપુરુષનાં સ્વરૂપમાં સાત તત્ત્વો હોય છે. તેમાં શરીર, પ્રાણ, મન, અતિમનસ, આનંદ, ચૈતન્ય (વિવેકશક્તિ) અને સત્‌નો સમાવેશ થાય છે. આ સર્જન બધે જ થઈને વૈશ્વિક રૂપાંતર થાય છે.

સૂર્ય ઋષિ - સંશોધક પણ છે. પ્રથમ તેણે ૨૦ વર્ષ સુધી આશ્રમમાં રહી તપ કરેલ છે. તેના પૂનરાવર્તનથી માનવમાં વિવેક જન્મે છે. તે દ્વિપદ તેમ જ ચતુષ્પદ પ્રાણીઓમાં વૈશ્વિક દિવ્ય ઘાટોને અનુરૂપ ઘાટો, પરિસ્થિતિ રચે છે. આમ બંને માટે કલ્યાણપ્રદ બનવાનો પાયો રચે છે.

તે મુજબ આથી આપણે આપણા ઉચ્ચ કક્ષાના અસ્તિત્વ બાબત સભાન બનીએ છીએ. વિશાળતા અનુભવીએ છીએ. આ જ વિશાળતાને કારણે આપણા તત્ત્વો વૈશ્વિક ઘાટોને સ્વીકારી પોતે તેનાં પ્રતીક બની જાય છે. આવી રીતે આપણા વિકાસનો નકશો તૈયાર થાય છે અને તે મુજબ વૈશ્વિક-શક્તિઓ આપણી પ્રકૃતિને ઘાટ આપે છે. આ સમગ્ર પ્રક્રિયાને આ સૂક્તનાં કવિ શ્યાવાશ્વં 'સવિતૃનો સ્વીકાર' ગણાવે છે. સવિતૃના કાર્યમાં સંમતિ આપવાનું તે પ્રતીક છે.

આમ સાંતમાં અનંતતા ઉગી નીકળે છે.

આ અનુભૂતિનું વર્ણન આ સૂક્તમાં છે. યુજ્યતે મન ઉત યુજ્યતે ધિયો વિપ્રા વિપ્રસ્ય બૃહતો..... । પ્રકાશમય સ્વરૂપ સવિતૃને પ્રકાશના આરાધક વિપ્રો મન અને બુદ્ધિથી, પ્રકાશ અને વિશાળતામાં એકાગ્ર કરે છે. તેથી 'વિ હોત્રા દધે વયુના

(અનુ. પૃ.૪૧ ઉપર)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

## શ્રી અરવિન્દની સાધના

પ્રકરણ - ૩૫

(પૃ.૧૪૬-૧૫૦)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 My Sadhana is not a... miracle done outside the laws of Nature and the conditions of life and consciousness on earth. P. 146

2 (Supramental) it is only at the point where such a descent has become not only possible but inevitable. P. 147

3 It is the rapid and concentrated evolution which is the aim of my Sadhana and that there must be a process for it, a working of the higher in the lower and a dealing with all the necessary intervals. P. 147

4 (To say) I could do this only in my case because I am Avatara... is to reduce my Sadhana... and Avatar also to an absurdity. P. 147

5 What I achieve shows that that achievement is possible for humanity. P. 147

6 I did it to show what could be done and how it could be done. P. 148

7 He did it by the help of Krishna and the Divine Shakti...

had help from human sources also. P. 148

8 He (Avatara) shows the way to humanity as well as helps it. Otherwise, what is the use of him and why he is here ? P. 148

9 There are two sides of the phenomenon of Avatarhood, the Divine Consciousness and the instrumental personality. The Divine Consciousness is omnipotent, but it has put forth the instrumented personality in Nature under the conditions of Nature and it uses it according to the rules of the game - though also sometimes to change the rules of the game. P. 149

10 If it (Avatar) is a coherent part of the arrangement of the omnipotent Divine in Nature, then I can understand and accept it. P. 150

11 He (The Supreme) can bring it (new manifestation) in from the universal or from the transcendent. For in the Divine cosmic and transcendent all things are. P. 150

12 I am seeking to manifest something of the Divine that I am conscious of and feel. P. 150

13 By manifestation, of course, I mean the bringing out and spreading of that consciousness so that others also may feel and enter into it and live in it. P. 150

શ્રી અરવિન્દની સાધના વિષે લોકો બોલતા : તેઓ તો અવતાર છે. તેમને માટે તેવી કઠણ અને ગૂઢ સાધના શક્ય છે. આપણે રહ્યાં સામાન્ય સંસારી માનવો, આપણા માટે તે શક્ય જ નથી.

શ્રી અરવિન્દ આવી ચર્ચાઓને જવાબ આપી રહ્યાં હતાં. તેમણે કહ્યું :

‘‘ મારી સાધના કોઈ ચમત્કાર કરવા નથી જે નિસર્ગની પ્રક્રિયાથી ઉપરવટ જઈને કોઈ વસ્તુ કરી બતાડે. તેઓ તો નિર્સગના નિયમોનુસાર જ આગળ વધતી ઉત્ક્રાંતિના હિમાયતી છે. જો તેમને સાધના દ્વારા જે મળતું હોય તો તે કોઈ પણ માનવ તેવી સાધના કરીને મેળવી શકે છે જ. અતિમનસનું અવતરણ બધાંને જ આ જન્મે કે જન્માંતરે કરાવીને ઉત્ક્રાંતિમાં આગળ વધવું જ પડશે. ચેતનામાં તેવો ફેરફાર થતાં જ બાહ્ય શરીરમાં પણ તદનુસાર તફાવત દેખાવા માંડશે.’’

બીજું, અતિમનસ તો ભૌતિક તત્ત્વમાં ક્યારનું ઉતરી ગયું છે એવી અફવા પણ ખોટી જ છે. તે હજી સૂક્ષ્મ પાર્થિવમાં આવીને સ્થિર થયું છે અને હવે તેને માટે ભૌતિક સ્તરે પ્રગટ થવું એ સમયનો પ્રશ્નમાત્ર છે. પણ હજી સુધી તે ભૌતિક તત્ત્વમાં અવતરણ પામ્યું નથી. (૧૯૫૬માં પ્લેગ્રાઉન્ડ ઉપર શ્રી માતાજીને જે અનુભૂતિ આવી તે ક્ષણથી તેણે ભૌતિક તત્ત્વમાં આવવા ઘસારો કર્યો છે.)

આ પ્રક્રિયા ચમત્કાર નથી પણ ઉત્ક્રાંતિમાં જે વેગ પૂરાયો છે તેને કારણે ચેતનાની અભિવ્યક્તિને જે ગતિ મળી રહી છે તેના આ દાખલારૂપ છે. શ્રી અરવિન્દ ઉત્ક્રાંતિ જે હવે સભાન પ્રયત્નથી આગળ વધવા માંગે છે તેનો ફાયદો લઈને ઉત્ક્રાંતિની પ્રક્રિયા પ્રાણીને પરિસ્થિતિ દબાણ નીચે અનિચ્છાએ અને પરાણે વિકસાવીને નવો તબક્કો હાંસલ કરતી. જે વાનરનું રૂપાંતર માનવમાં થવાની શરૂઆત થઈ તે પોતે શું કરી રહ્યો છે તે બાબત તેને જરા પણ ભાન નહોતું. ઊલટું, અન્ય વાનરો તેને કોઈ અગમ્ય રોગથી પીડાતો કે ગાંડો થઈ ગયેલ વાનર માનીને જ તેનાથી દૂર ભાગતા હશે. તેને પોતાના જૂથની બહાર હાંકી દીધો હશે.

પણ માનવ પછીના ઉત્ક્રાંતિના તબક્કામાં માનવના સભાન સહકાર સાથે ઉત્ક્રાંતિ આગળ વધશે. અર્થાત્ તેમાં પણ બાહ્ય-પરિસ્થિતિનું દબાણ તો બધાં અનુભવશે જ. જો તેવી સ્થિતિ હોય તો માનવના સભાન પ્રયત્નો અર્થાત્ સાધના ઉત્ક્રાંતિને વેગ આપી શકે એ નિશ્ચિત. શ્રી અરવિન્દ આ છૂટછાટનો ફાયદો લઈને ઉત્ક્રાંતિને આગળ વધારવા માગે છે.

તે માટે પોતાના નિમ્ન પ્રકૃતિમાં ઊર્ધ્વમાં દેખાતાં દિવ્ય-તત્ત્વોને સક્રિય કરીને ઉત્ક્રાંતિને આગળ વધારી શકાય એ શક્યતા શ્રી અરવિન્દ નિહાળી રહ્યાં છે. તેઓ પ્રકૃતિના નિયમાનુસાર જ આ પ્રયત્ન એક વૈજ્ઞાનિકના ઢબે જ કરી

રહ્યાં છે. તે કોઈ ચમત્કાર નથી.

ઘણા એવી ચર્ચા કરે છે કે શ્રી અરવિન્દ અને શ્રી માતાજી કહે છે કે અમારી દ્વારા જ અતિમનસ પ્રાપ્ત થશે, આમ કેમ ? તેઓ જ શા માટે ? અમે કેમ ન જાતે મેળવી શકીએ ? તેમને એટલું જ જણાવવાનું છે કે, આ કોઈ ગર્વોક્તિ નથી. અતિમનસનો જાત-અનુભવ હોવાથી તે અવતરણમાંના વિઘ્નો બાબત અમે પરિચિત છીએ. તેના અવતરણની પ્રક્રિયા જાણી ગયા છીએ, તેથી તેમની સુરક્ષિતતા માટે જ આ વિધાન છે; ન કે તેમની ગેરલાયકાત માટે, અતિમનસ બધાં જ ધારણ કરી શકવાના છે પણ તે અતિમનસ ભૌતિક તત્ત્વમાં સ્થિર થયા પછી જ અને પોતાની યોગ્યતા અને પ્રયત્નાનુસાર જ. મા બાળકને આગથી રમવાની ના પાડે તેવી આ વાત છે. જેમણે અહંકારથી અતિમનસનું કર્ષણ કરીને પોતાની શુદ્ધિ વગર પરાણે અવતરણ કરાવવાનો પ્રયત્ન કર્યો તેમને શું ભોગવવું પડ્યું છે તે આશ્રમમાં બધાં જ જાણે છે.

અતિમનસનું પરાણે કર્ષણ કરવાનું હોતું નથી પણ તેને ધારણ કરવાની અભીપ્સા સેવતા રહેશો તો તે પોતે જ તમારામાં નિસર્ગના નિયમાનુસાર ફેરફાર કરીને પોતે અવતરણ પામશે. સવાલ તમારી સુરક્ષિતતાનો છે. અમારી મોનોપોલીનો નથી, અગ્રહક્કનો નથી.

અમુક લોકો પોતાની શરતે અને સમયે અતિમનસનું અવતરણ થવું જોઈએ એવો આગ્રહ રાખે છે. પરમ-પ્રભુ આવી માનવી-શરતોને આધીન કામ નથી કરતા. તેમનું પોતાનું જે દિવ્ય આયોજન છે તે મુજબ જ તે કાર્ય કરે છે.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજી તે અવતરણ કેવી રીતે કરવું તે શીખવવા જ આવ્યાં છે. જો બીજાને તે કાયમી-સ્વરૂપે અશક્ય છે એમ તેઓ માનત તો તેમની સાધનાનો જ કાંઈ અર્થ નથી. આના જેવી તેમના આધ્યાત્મિક કાર્યને નુકસાનકારક ટીકા નથી.

શ્રી અરવિન્દ પોતે જણાવે છે કે તેમની સાધના પણ તેઓએ કાંઈ પોતાના જ કાંડાબળે કરેલ નથી. તેમને ભગવાન શ્રી કૃષ્ણે તે બાબત માર્ગદર્શન આપેલું. દિવ્ય-શક્તિઓની પણ તેમને મદદ મળતી રહેલી. કેટલાક માનવોની પણ તેમને મદદ હતી જ. માનવોનો સંદર્ભ કદાચ અલિપોર જેલમાં સૂક્ષ્મ સ્તરે શ્રી વિવેકાનંદે આપેલું માર્ગદર્શન અને શ્રી માતાજીના અને લેલેના સહયોગનો

સંદર્ભ હોવો જોઈએ.

અવતારો પણ કાંઈ ચમત્કારો સર્જવા આવેલા હોતા નથી. તેઓ પણ ભૌતિક જીવનની બધી જ મર્યાદાઓ સ્વીકારે છે. પ્રાપ્ત સાધનો જ વાપરે છે. તે તેમાંથી ચેતનાના વિકાસનો માર્ગ શોધીને લોકોને શીખવે છે. તેઓ પણ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં મેળમાં રહીને જ કાર્ય કરતા હોય છે.

અવતારની ઘટનામાં બે પસાં હોય છે : (૧) દિવ્ય-ચેતના (૨) તેણે ઊભું કરેલું સાધન તરીકે વપરાતું વ્યક્તિત્વ. દિવ્ય-ચેતના સર્વશક્તિમાન અને સર્વજ્ઞ હોય છે પણ પેલું વ્યક્તિત્વ તો નિર્સગની પરિસ્થિતિ અને નિયમાનુસાર જ રચાયેલું હોય છે અને તેની મર્યાદામાં જ સાધારણ રીતે વર્તે છે, પણ ઉત્ક્રાંતિને આગળ ધપાવવાની જરૂર પડે અને પ્રાકૃતિક નિયમોમાં રહીને તે શક્ય ન બને તો તે નિયમોથી ઉપરવટ જઈને પણ કાર્ય પાડે છે. ઉત્ક્રાંતિની મડાગાંઠ ઉકેલવા જ અવતાર થતાં હોય છે. એકંદરે તેઓ પ્રભુના આયોજનનો અને કાર્યપદ્ધતિના એક ભાગ તરીકે જ આવેલા હોય છે.

પ્રભુની ચેતનામાં વિશ્વાતીત, વૈશ્વિક અને વ્યક્તિગત ચેતનાના સ્તરોનો સમાવેશ થતો હોય છે. અવતારની વ્યક્તિગત ચેતનામાં કોઈ વસ્તુ ન હોય પણ ઉત્ક્રાંતિ માટે જરૂરી હોય તો તે વૈશ્વિક ચેતના અથવા વિશ્વાતીત ચેતનામાં જ્યાં હોય ત્યાંથી ખેંચીને પોતાની દ્વારા તેઓ તેનો ઉપયોગ કરે છે. તેથી લોકોને તે અવતારમાં નથી એવી ચમત્કારિક ક્ષમતા કે શક્તિનો અનુભવ થાય છે. પણ તે વસ્તુ નિસર્ગના નિયમાનુસાર જ થયેલી હોય છે પણ તે દિવ્ય, પ્રકૃતિનાં નિયમાનુસાર નહીં.

શ્રી અરવિન્દ જણાવે છે કે તેઓ આંતરિક રીતે જ સત્યના સ્પર્શમાં છે તેને જ પ્રગટ કરવા પ્રયત્ન કરી રહ્યાં છે. પ્રગટ કરવું એટલે તે ગુપ્ત રહેલ ચેતનાને ધારણ કરીને જીવન દ્વારા પ્રગટ કરવી અને તેનો પ્રસાર કરવો. જેથી અન્ય લોકો પણ તે ચેતનાને ધારણ કરી શકે અને તેમાં જીવન જીવી શકે.

ઉત્ક્રાંતિનું હાર્દ જ આ છે. કોઈકે શ્રી અરવિન્દને પૂછેલું, મને તો તમે અવતાર છો એવું લાગે છે. શ્રી અરવિન્દે જણાવેલું તમારી શ્રદ્ધા સાચવી રાખો. તે તમને ખોટું માર્ગદર્શન નહીં આપે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૩૯

# માનસિક આદર્શોની પેલેપાર

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **આ યોગસાધનામાં માનસિક આદર્શોવાળી સંસ્કારિતાથી સાધકે પર થઈ જવું..... પૃ.૩૬**
- **માનવનું મન..... આદર્શની કલ્પના કરવામાં.... રાચે છે..... અને તેનું જીવન યાને પ્રાણ-તત્ત્વ હંમેશા જેવું..... રૂપાંતર વગરનું..... દેખાવ પુરતા ફેરફારવાળું. એનું એ જ રહે છે. પૃ.૩૬**
- **..... આધ્યાત્મિકતાનો જિજ્ઞાસુ..... માનસિક આદર્શોની ભાવનાના વિહારમાં પડી જતો નથી. તેનો હેતુ દિવ્ય સત્યને એક આદર્શ તરીકે કલ્પીને બેસી રહેવાનો નથી હોતો..... પૃ.૩૬**
- **દિવ્ય સત્યનો સાક્ષાત્કાર કરવાનો તેનો ઉદ્દેશ હોય તો મન અને પ્રાણનું રૂપાંતર કરવું તેને માટે આવશ્યક બને છે. પૃ.૩૬**
- **અને એ કાર્ય માં ભગવતીને તથા તેની શક્તિના કાર્યને સમર્પણ કર્યા વિના થઈ શકે તેમ નથી. પૃ.૩૬**

માનવને માટે સાધનાની શરૂઆત સર્વ સામાન્યરીતે કોઈ માનસિક વિચાર કે આદર્શથી થતી હોય છે. અને તેને માટે માનવ પોતાની સઘળી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને વાળવા પ્રયત્નશીલ હોય છે. આ પ્રયત્નમાં તેનું મન જ અગ્રભાગે રહીને કાર્ય કરતું હોય છે. માનસિક આદર્શો જેવા કે સમાજસેવા, ધર્માદાવૃત્તિ, પરોપકારની સેવાઓ વિગેરે આદર્શોથી માનવ દોરવાતો હોય છે. માનસિક કલ્પનાઓ અને બાહ્ય જીવનમાં માનવ સરી પડે છે. અને તે મુજબ એક સુઘડ અને

વ્યવહારુ જીવન જીવવા પ્રયત્ન કરતો હોય છે. આ પ્રકારના જીવનમાં માનસિક આદર્શો દ્વારા એક કલ્પના અને તેથી એક આભાસ નિર્માણ થતો હોય છે જેને એકને જ લક્ષ્યમાં રાખીને માનવ જીવન વિકસાવે છે. આ પ્રકારના જીવનકાર્યમાં ચૈત્ય-પુરુષનો પ્રભાવ નહીવત્ હોય છે. મન અને પ્રાણ સપાટી પરના જીવનને જ મહત્વ ગણીને બાહ્ય જીવનને દોરતા હોય છે અને આંતરિક જીવનમાં દિવ્યતાનો ઉજાસ હોતો નથી. એક શુષ્ક અને વિરાન જેવું જીવન બની રહે છે અને આંતરિક કે બાહ્ય જીવનમાં કોઈ જ ફેર પડતો નથી. જીવન પોતાની ઘરેડમાં માનસિક આદર્શોથી ચાલતું હોય છે.

જ્યારે બીજી બાજુ આધ્યાત્મિક અભીપ્સુ પોતાનું જીવન માનસિક આદર્શો પર નહિ પરંતુ સત્યના દિવ્ય હેતુ માટે પ્રતિષ્ઠિત કરે છે. સત્યના પાયા પર જીવનની ઈમારત ચણે છે. તે સત્યને મનના એક પાંજરામાં પૂરીને રાખતો નથી. પણ તેને એક જીવંત અને દિવ્ય હેતુ સમજીને જીવનમાં કાર્યરત રહેવા પ્રયત્નશીલ હોય છે. આ પ્રકારનું વલણ માનસિક આદર્શો કરતાં ક્યાય પ્રકારનું જુદું જ અને ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાનું છે. બાહ્યરીતે કાર્ય સર્વસામાન્ય જ લાગતું હોય છે પરંતુ આંતરિક રીતે તે પરમ પ્રભુના સંકલ્પાનુસાર જ થતું હોય છે. સાચા ફૂલો અને ખોટા ફૂલો વચ્ચે જે અને જેવો તફાવત છે તેવી જ આ પ્રક્રિયા હોય છે. સત્યના પાયા પર પ્રતિષ્ઠિત જીવન સાચા ફૂલોની જેમ મઘમઘી ઊઠે છે, જીવન એક દિવ્ય સુવાસ લઈને આવે છે અને સાધકને તરબતોળ બનાવી મૂકે છે.

સાથે સાથે સાધક તે પણ સમજે છે કે આ દિવ્ય-સત્ય દ્વારા જીવન દોરવું હોય તો મન અને પ્રાણનું પણ રૂપાંતર કરવું જ પડશે, તે વિના આ દિવ્ય કાર્યનો પાયો નાખવો શક્ય જ નથી. આ ભગીરથ કાર્યમાં શ્રી માંને અને તેમની દિવ્યશક્તિઓને મન અને પ્રાણના દરેક સ્થરોનું સાધક સમર્પણ કરતો જાય છે. માનસિક આદર્શના કોચલાંને ફગાવીને શ્રી માંની શક્તિ અને તેના દિવ્યકાર્યમાં મન પ્રાણ અને શરીરને સંવાદમય રીતે જોતરે છે. અને મન, પ્રાણ અને શરીરને પણ શ્રી માંના દિવ્ય કરણો બનાવે છે. સત્યના દિવ્ય હેતુ માટે જીવન જીવતો થાય છે. શ્રી માંનું પણ દિવ્ય કાર્ય સાધકને માટે એ જ છે કે

..... for the Truth of things is her concern, knowledge her centre of power and to build our soul and our nature into the divine Truth her mission and her labour. (The Mother, Chapter : VI)

# દેવોના સ્વરૂપો

(૨૬-૬-૨૬, ૧૩-૭-૨૬) (પૃ.૨૦૬-૨૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : એમ કહેવાય છે કે એક્ષ યોગભ્રષ્ટ થયા ત્યારે એક પ્રાણમય સત્વ તેના પ્રાણમય પાસાને સંઘટિત કરી કબજો લેવા પ્રયત્ન કરી રહ્યું હતું. આ પ્રાણમય સંઘટન શું છે?

શ્રી અરવિન્દ : તે સત્વને પોતાનો હેતુ પાર પાડવા જેવી પ્રાણમય અનુકૂળ પ્રકૃતિ રચવાની ઈચ્છા હતી તે.

શિષ્ય : જો તે સંઘટન થાત તો તેનું સ્વરૂપ અને પરિણામ શું થાત?

શ્રી અરવિન્દ : એ એક્ષનું આંતરિક પરિવર્તન કરી નાખત. તેની દ્વારા અહિંનું વાતાવરણ પણ બદલાત (ચમત્કારોથી ભરી દેત) પછી અહીં જે આધ્યાત્મિક પ્રગતિ થઈ રહી છે, તેમાં પણ ફેરફારો લાવત. આ રીતે પોતાનો પ્રભાવ વધારત અને તેની કક્ષાની સાધનાના વિઘ્નો ઓછા કરી નાખત.

શિષ્ય : અતિમનસ અવતરણ માટે આ બધું જરૂરી છે?

શ્રી અરવિન્દ : ના.

શિષ્ય : શું તેઓ અતિમનસ અવતરણની પ્રક્રિયાને સમજતા હોય છે?

શ્રી અરવિન્દ : ના પણ તેઓ અતિમનસ પ્રભાવને ઝીલી જરૂર શકે છે. તેથી તેમને અવતરણમાં મદદરૂપ કરણ તરીકે વાપરી શકાય છે.

શિષ્ય : તે દેવ એક્ષમાં બળજબરીથી અવતરણ કરવા ઈચ્છતા હતા. પોતાની ભૂમિકાના નિયમાનુસાર જ કાર્ય કરવા માગતા હતા. ભૌતિક-નિયમોને માનતા નહોતા. તેથી એક્ષ ચમત્કાર કરવા

લાગેલો એ વાત સાચી છે?

શ્રી અરવિન્દ : હા, આવા બળો પોતાનો હેતુ પાર પાડવા તે વ્યક્તિ મારફતે બળવો ક્રાંતિ, ચળવળો કરાવે છે. પણ તે માટે પેલી વ્યક્તિનું શારીરિકતત્ત્વ બળવાન હોવું જરૂરી છે. જો તે દેવ અતિમાનસના પ્રભાવતળે આ કાર્ય કરે તો તે ઉપયોગી નીવડી શકે છે.

શિષ્ય : પછી તે શક્તિનું શું થયું?

શ્રી અરવિન્દ : એક્ષ સાથે વિદાય થઈ કારણ તે અતિમનસ રીતે ઉત્ક્રાંતિ કરવા માગતી નહોતી.

શિષ્ય : અલબત્ત જોઈ શકાય અને જાણી પણ શકાય, પણ શારીરિક તત્વનું મહત્વ એ છે કે તેમાં ઉચ્ચતર આધ્યાત્મિક શક્તિઓને ધારણ કરી શકાય છે. તે જ મહત્વનું છે. તેને અંતરિયાળ કક્ષાના સત્વોને વાપરવા દેવું ઘણી વખત મુશ્કેલી સર્જે છે.

શિષ્ય : પ્રાણમય સત્વો આપસમાં ઝગડતા હોય છે?

શ્રી અરવિન્દ : હા, બાયબલ પણ તેનો ઉલ્લેખ કરે છે. એક્ષમાં પ્રગટ થવા માંગતું સત્વ વિરોધી પ્રાણમય જગતનું હતું. તે જ સાચી મુશ્કેલી હતી.

શિષ્ય : અતિમનસ એટલે જ શું પરા - શક્તિ?

શ્રી અરવિન્દ : ના, પરાશક્તિમાં અતિમનસ (વિજ્ઞાનમય શક્તિ) ઉપરાંત આનંદમય શક્તિ પણ છે. અતિમનસ એ પ્રભુના આ પ્રગટીકરણમાં વપરાતી બધી જ શક્તિઓને સંગઠિત કરનાર તે સંઘટન શક્તિ છે. તે સમગ્ર વિશ્વની બધી જ ગતિઓના ટેકારૂપ છે. (ક્રમશઃ)

## વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો
# વરુણ અને વિષ્ણુ

પ્રકરણ - ૧૬

વરુણ નાશવંત (ક્ષત્રં) અવચેતન અને અચેતનના ઉપર સત્તા ચલાવનાર દેવતા છે. ક્ષત્રસ્ય રાજા વરુણોધિરાજઃ (તૈતિ સં. ૩-૧-૨-૭) અવચેતન અને અચેતનનું શરીર, પ્રાણ મનના ત્રણે જગતોમાં, ત્રિભુવનમાં રાજ ચાલતું હોવાથી વરુણને ત્રિભુવનના રાજા કહ્યાં છે. તેને વિશ્વસ્ય ભુવનસ્થ રાજા (ઋ ૫-૮૫-૩) સ્વઃ અને અંતરીક્ષ (દ્યાવા) અર્થાત્ માનસિક જીવન ભાવનાત્મક અને શારીરિક જીવન (પૃથ્વી) વરુણના પ્રભાવ નીચેનાં અવચેતન, અચેતનનો આશ્રય લઈને જ હાલમાં ટકી રહ્યાં છે (દ્યાવા પૃથ્વી વરુણસ્ય ધર્મણા વિષ્કભિતે (ઋ ૬-૭૦-૧) આ નિરાકાર ચેતના (આપઃ) અવચેતન અને અચેતનને લીધે આવૃત થઈ ગઈ છે (વૃત્તાતિષ્ઠત) અને તેથી આવરણ યુક્ત બની ગઈ છે. તે આવરણને લીધે જ (એતં વરણં સન્તં) તેને વરુણ કહે છે (વરુણઈતિ) યચ્ચ (આપઃ) વૃત્વાડતિષ્ઠસ્તદ્વરણોડભવત્તં વા એતે વરણં સંતં વરુણ ઈતિ (ગો. બ્રા.૧-૧-૭) વરૂણ એટલે આવરણની દેવતા. આ તેમનું નકારાત્મક પાસું છે. રૂદ્ર પાસું છે.

મિત્ર અને વરુણ આ બે દેવતાઓએ સામાન્ય - ચેતનાને પરમ -ચેતનામાં વિકસાવવાનું જાણે વ્રત ધારણ કરેલ છે. ધૃતવ્રત મિત્રાવરુણ (ઋ ૧-૧૫-૬) તેઓ પોતાના ધ્યેયને પુરું કરવા ખૂબ ઉત્સાહી હોય છે તેથી આ બન્ને સમાન ગુણધર્મો ધરાવતા (સમ્રાજો) બન્નેને નિત્યયુવાન કહ્યાં છે. મિત્રઃ સમ્રાજો વરુણો યુવાન (ઋ ૩-૫૪-૧૦)

વરુણના શાસન હેઠળનું અવચેતન સમુદ્ર જેવું વિશાળ હોવાથી વરુણને લહેરોના તરંગો ઉછળતા હોય તેવા કહ્યાં છે. (સ્યંદનશીલોદકઃ (ઋ સાભા ૧-૯૪-૧૬) સિંધુ એટલે દ્વીપ એવો પણ અર્થ છે. દ્વિપ એટલે ત્રણ બાજુ પાણીથી ઘેરાએલો પણ એક બાજુ મુખ્ય જમીન સાથે જોડાએલો ભૂખંડ. માનવ - ચેતના

દ્વિપ જેવી જ છે. તેની ભૌતિક, પ્રાણમય, મનોમય આ ત્રણ બાજુ અવચેતનના જળથી ઘેરાએલી છે. પણ મસ્તકની ઉપર આ માનવ - ચેતના મૂળ નિરાકાર - ચેતના સ્વરૂપ મુખ્યભૂખંડ સાથે પણ જોડાએલી છે. આ સાદશ્ય દર્શાવવા સિંધુ' શબ્દ વેદોમાં વાપરે છે.

સારાંશ વરુણ અવચેતનના પ્રભાવમાંથી ચેતનાને મુક્ત કરી વિશાળતા આપે છે. આ વિશાળતા ક્રમેક્રમે માનવના ચિત્તમાં સ્થિર કરવા એકથી એક વધારે વિશાળ માનવ સમુદાયો સમૂહો સંઘટનો તે રચે છે અને તેની દ્વારા ચેતનાને વિશાળ થતા શીખવે છે.

વિશાળ ચેતનાને 'વિષ્ણુ' કહે છે. તે શબ્દ 'વિષ્ણુ' ધાતુ ઉપરથી અથવા 'વિશુ' ધાતુ ઉપરથી આવેલો છે. બંનેનો અર્થ પ્રવેશવું ફેલાવું, વિશાળ થવું, એવો છે. વિષ્ણુને ઇન્દ્રના નાનાભાઈ ઉપેન્દ્ર તરીકે ગણેલાં છે, કારણ ઈન્દ્ર પોતાના પ્રકાશિત મનથી પહેલા સાધકને સાધના તરફ વાળે છે તેના પરિણામે વિશાળ ચેતનાનો સાધકને પાછળથી અનુભવ આવે છે, તે ઈન્દ્રના કાર્ય પછીનો સાક્ષાત્કાર હોવાથી વિષ્ણુને, વિશાળ ચેતનાના સાક્ષાત્કારને ઈન્દ્રનો નાનો ભાઈ ગણાવવા યોગ્ય જ છે.

વિષ્ણુની વિશાળતા જ સાધકના મનમાં આનંદ પ્રગટાવે છે. તેથી વિષ્ણુનો માર્ગ લોકોને પ્રિય છે એમ વેદો જણાવે છે તદસ્ય પ્રિયમભિ પાથો અશ્યામ્ (ઋ ૧-૫૪-૫) આ વિશાળ - ચેતનાની પ્રાપ્તિ પછી જ સાધકના જીવનમાં સાચો જીવન - યજ્ઞ શરૂ થવાથી વિષ્ણુને જ યજ્ઞ ગણાવેલ છે યજ્ઞો વૈ વિષ્ણુઃ (શત. બ્રા.ય ૧-૧-૨-૧૩)

વિષ્ણુની વિશેષણો તરીકે ઉરુક્રમ, ઉરુગાય શબ્દો વેદોમાં વાપરેલા છે ઉરુક્રમસ્ય સહિ બંધુરિદથા વિષ્ણોઃ..... (ઋ ૧-૧૫૪-૫) 'ઉરુ' એટલે જવું. તેથી ઉરુગામનો અર્થ છે ઊર્ધ્વ ચેતના તરફ લઈ જનારા. ઉરુક્રમનો અર્થ છે જેમના ઊર્ધ્વ-ચેતનામાં જવાના ક્રમશઃ તબક્કા છે તેવા ઊર્ધ્વ ચેતનામાં સ્થિર થતા પહેલા સાધકને વિવિધ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. જેમાં ભૌતિક - ચેતનાને વિશાળ કરવી, પ્રાણમય ચેતનાને વિશાળ કરી દિવ્યભાવોથી ભરી દેવી અને મનોમય ચેતનામાં આંતરપ્રેરણાઓનો પ્રકાશ લાવી સાચી વિશાળ સમજણ લાવવી આ મુખ્ય તબક્કા છે.

વિષ્ણુના ત્રણ પગલાં એટલે આ ઉપર જણાવેલા ત્રણ તબક્કા જ છે. તેથી જ બળવાન અવચેતન રૂપી બલિને પાતાળલોકમાં મોકલી આપવામાં આવે છે અને વામન, નાનકડી સંકુચિત ચેતના વિરાટ વિષ્ણુ બની જાય છે. વામનના ત્રણ ડગલા અને બલિરાજાને પાતાળમાં મોકલવાના આખ્યાનનો આ સાચો આધ્યાત્મિક અર્થ છે.

વરુણનો અર્થ સત્યને આવૃત્ત કરનાર છે વરુણઃ વૃણોતીતિ સતઃ તે મેઘોરૂપી (વિચારવાયુ)ના આવરણથી સત્ય-ચેતનાને આવૃત્ત કરી નાખે છે. સાયણે તેવો જ અર્થ કર્યો છે. વૃણોતિ તમસા પાશૈવો પ્રાણિજાતમ્ ઇતિ વરુણ (અર્થવ સા.ભા.૧-૩-૩) અર્થાત્ તમસ રૂપી પાશથી જીવમાત્રને બાંધે છે તે વરુણ. આ તમસ નિરાકાર છે તેથી તેને જળ (આપઃ) કહે છે અને તેના અધિપતિ વરુણને ગણાવેલ છે. પણ 'આપ'નો અર્થ પ્રકાશમય નિરાકાર ચેતના પણ છે. તેથી વરુણને જુદા પાડવા તે નિરાકાર અંધકારમય અવચેતનના દેવ હોવાથી વરુણને રાત્રીના દેવતા પણ ગણેલ છે. વરુણનું આ અજ્ઞાનજન્ય કાર્ય હોવા છતાં તેને દેવતત્વ આપેલું છે. કારણ તે પરમચેતનાનો પોતાને અનંતરૂપે પ્રગટ થવા માટે ભિન્નતા નિર્માણ કરનાર તત્વ છે. તે પરમ-ચેતનાનું જ વિશિષ્ટ રૂપ છે. વળી તે અવચેતનમાંથી મુક્તિનો માર્ગ પણ દર્શાવે છે.

વિષ્ણુને અઘ્નન અર્થાત્ વિનાશથી, વધથી બચાવનારા કહ્યાં છે. અમારા શત્રુઓનો અંત કરીને વિષ્ણુ અમને બચાવે છે. અઘ્નને વિષ્ણવે વયમ્ અરિષ્યન્તઃ (ઋ ૮-૨૫-૧૨)

---

(પૃ.૨૯ ઉપરથી)

## વેદ-રહસ્ય

વિત્ એકે। બધું જાણનાર તે સૂર્ય હોતાનું સ્વરૂપ ધારણ કરે છે. તેને કારણે અન્ય દેવો પણ તેને અનુસરીને તે જ દેવતાના મહાન પ્રકાશને જાણતા થાય છે. (યસ્ય પ્રયાણમન્વન્ય ઈદ્ યયુર્દેવા દેવસ્ય મહિમાનમોજસા) તેઓ ત્રણ પ્રકાશમય સ્વર્ગોને વીંટળાઈ વળે છે. (ઉત યાસિ સવિતસ્ત્રીણિ રોચનોત) અને તે પછી રાત્રીને બંને બાજુથી ઘેરો લે છે. (ઉત રાત્રીમુભવતઃ પરીયસ)

આમ ઋતમ્ કે સત્યમ્ દરેક વસ્તુના રૂપગુણ નિર્માણનું નિર્ણાયક તત્ત્વ છે અને સવિતૃ પ્રકાશ અને તેની ગતિઓથી પોષણકર્તા બને છે. (પૂષા ભવસિ દેવ યામભિઃ) (ક્રમશઃ)

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## કર્મ

પ્રકરણ - ૧૦ (પૃ. ૩૨-૩૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ **સાધનામાં પ્રગતિ કરવા પ્રેરક કોઈક પ્રકારનું કામ કરવાની પણ જરૂર છે ?**
હા, કામ કરતી વખતે આપણા મન, પ્રાણ, શરીરની સંવાદમય એકાગ્રતા પ્રાપ્ત થાય છે. તે દ્વારા સાધનામાં વિકાસ સધાય છે. કર્મ પ્રત્યે યોગમય વલણ લેવા તે એકાગ્રતાનો ઉપયોગ કરવો જરૂરી છે.

૨ **શું સાધકે શ્રી માતાજી પાસે પોતે જ કાર્યની માગણી કરવી જોઈએ કે માતાજી પાતે થઈને કાર્ય સોંપે તેની વાટ જોવી જોઈએ ?**
જો પોતે યોગમય વલણ કોઈ કાર્યમાં સ્વીકારી શકે તેમ હોય તો તે કાર્યની માગણી કરવી જોઈએ.

૩ **પોતાની પસંદગીથી માગેલું કાર્ય કરવું એ કામનામય કાર્ય કહેવાય કે યોગમય વલણવાળું, માતાજીનું કાર્ય કહેવાય ?**
કાર્ય પ્રત્યે આસક્તિ હશે તો તે કામનાવાળું કાર્ય બની જશે. યોગમય વલણ લઈને કાર્ય કરશો તો માતાજી જે કાર્ય સોંપે તે તમે સહજરીતે સ્વીકારી શકશો. કારણ તમે વલણને મહત્વ આપો છો. કાર્યના બાહ્ય સ્વરૂપને નહિ.

૪ **તત્કાળ કરવું જરૂરી એવું આશ્રમનું કાર્ય હોય ત્યારે માતાજી કહેશે તો કરીશ એમ માની તેની પ્રત્યે દુલક્ષ્ય કરવું વ્યાજબી છે ?**
તે વસ્તુ વલણ અને વિવેક ઉપર આધાર રાખે છે. માતાજીએ નથી કહ્યું તેને નિમિત્ત બનાવી કામ ટાળવું, આળસ કરવી એ અયોગ્ય છે. બીજી બાજુ આશ્રમની શિસ્ત જાળવવા માતાજીના આદેશનું જ પાલન કરવું એવો ભાવ એ યોગ્ય વસ્તુ છે.
કાર્યની અનિવાર્યતા જાણી, માતાજી સાથે વિચાર કરી, તેમની સંમતિથી તે કાર્યની શરૂઆત કરવી એ વધારે યોગ્ય છે. મૂળ વસ્તુ સાચદિલી

છે. આવી સાચદિલી બતાડનારા આશ્રમમાં બહુ ઓછા છે.

૫ **ધ્યાન કરવામાં સક્ષમ ન હોય તેવી વ્યક્તિ કેવળ માતાજીનું કાર્ય કરીને સાધનામાં પ્રગતિ કરી શકે છે ?**

માતાજીનું તે કાર્ય માતાજીને સમર્પિતભાવે કરી, માતાજીની અને શક્તિ પ્રત્યે પોતાને ખુલ્લો અને ગ્રહણશીલ રાખી કાર્ય કરશે તો સાધનામાં પ્રગતિ કરી શકશે.

૬ **જો કોઈ આશ્રમવાસી માતાજીનું કાર્ય ખાસ અંતરથી કરવા છતાં તે વારંવાર નિમ્ન ચેતનામાં સરી જતો હોય તો તેને સાચો સાધક કહી શકાય ? શું તેની યજ્ઞભાવનામાં ખોટ છે ?**

સાચદિલથી માતાજીનું કાર્ય કરનારને સાધક જ ગણવો જોઈએ. કોઈપણ વ્યક્તિ કાયમ માટે ઉચ્ચ ચેતનામાં જીવતો નથી. પ્રકૃતિનું રૂપાંતર ન થાય ત્યાં સુધી આવી ઘટનાઓ થવાની જ છે. તેની યજ્ઞભાવના વિષે શંકા લેવાનું કારણ નથી. પણ તેની પ્રકૃતિમાં અવરોધો વધારે છે એ જ વાસ્તવિકતા હોય છે. જો તે સાચી રીતે કાર્ય કરતો રહેશે તો આ અવરોધો ઘટતા જશે એ નિશ્ચિત.

૭ **યોગવિષેની જાણકારી વગરના લોકોને શ્રી માતાજી સાધક તરીકે સ્વીકારી કાર્ય સોંપે છે. અન્ય આશ્રમવાસીઓ આને યોગવિષેની જાગૃતિની શક્યતા માટેની તેને આપેલી તક ગણે છે, શું આ સાચી વાતછે ?**

આ ફક્ત આશ્રમવાસીઓની સમજણ માત્ર છે. યોગવિષેની જાણકારી એ બૌદ્ધિક જ્ઞાન માત્ર છે. યોગ કરવાની ક્ષમતા એ અલગ વસ્તુ છે. આવી ક્ષમતા સુપ્ત હોવાથી લોકોને નજરે ન ચડે એ સ્વાભિાવિક છે. પણ માતાજીમાં તે જાણવાની ક્ષમતા હતી. તેઓ ચૈત્યપુરુષના વિકાસની શક્યતા સાધકની આંખોમાં જોઈ જાણી શકતા.

૮ **આશ્રમવાસીઓની શ્રદ્ધા છે કે આશ્રમમાં આવનાર અને કાર્ય ઉપાડી લેનાર વ્યક્તિની પાછળ કાયમ દિવ્ય-શક્તિનું આયોજન હોય છે. અહિંનું વાતાવરણ તેને માતાજીનું કરણ બનવા પ્રોત્સાહન પૂરું પાડે છે અને તેને ભાવિકાર્ય માટે તૈયાર કરે છે. શું આ માન્યતા સાચી છે ?**

આશ્રમના વાતાવરણમાં દિવ્ય-શક્તિઓ કાર્ય કરી રહી છે, એ વાત સાચી છે. પણ આ દિવ્ય-શક્તિઓને પણ વ્યક્તિ ઉપર કાર્ય કરવા તે વ્યક્તિની સંમતિની જરૂર હોય જ છે. તેથી જે તેવી સંમતિ આપી બદલાવા તૈયાર ન

હોય તેને આ બાબતનો અનુભવ ન આવે તે સ્વાભાવિક છે.

૯ **શું આધ્યાત્મિક ચેતનાની પ્રાપ્તિ અને અતિમનસ સાક્ષાત્કાર કરવા માટે કામ કરવું અનિવાર્ય છે?**

ધ્યાન, ભક્તિભાવ દ્વારા આધ્યાત્મિક ચેતના પ્રાપ્ત કરીને અચલ-બ્રહ્મનો, બ્રહ્મના નિષ્ક્રિય પાસાનો સાક્ષાત્કાર થઈ શકે છે. પણ આપણો યોગ બ્રહ્મતત્વના સક્રિય પાસાનો પણ સાક્ષાત્કાર કરવાનું લક્ષ્ય રાખે છે અને તે માટે જ્ઞાન અને ભક્તિ સાથે કર્મ કરવું જરૂરી બને છે.

અતિમનસ સત્યના સાક્ષાત્કારમાં તો પરમ-ચેતનાનું અવતરણ અને આદ્યાશક્તિનું પ્રત્યક્ષ દિવ્યકાર્ય બન્ને અપેક્ષિત છે. તેના પરિણામ સ્વરૂપ દિવ્ય-જીવન વિકસે છે. તે કયા પ્રકારનું હશે તે બાબત કોઈ નિયમો કે કાર્ય-પ્રણાલીનું બંધન આપણે આ તબક્કે રચી શકવાના નથી. તે પ્રત્યક્ષ થયા પછી જ તે બાબત જણાવી શકાશે. અર્થાત્ સાચી ચેતનામાં રહી કામ કરવાથી અતિમનસની પ્રાપ્તિ થઈ શકે છે. પણ તે જ નિશ્ચિત એકમેવ માર્ગ ન હોઈ શકે.

૧૦ **કર્મ કરવાની ભ્રમણા એ માનવ પ્રકૃતિમાં રહેલી સૌથી મોટી ભ્રમણા છે આ માતાજીના વિધાનમાં ભ્રમણાનો અર્થ શું છે?**

તેના બે અર્થ થાય છે (૧) પ્રભુ જ આપણી દ્વારા ખરેખર કાર્ય કરતા હોય છે. પણ આપણો અહંકાર તેનું શ્રેય પોતે લે છે. આ એક તેનો ભ્રમ છે (૨) પોતાના માનસિક આદર્શોને લીધે વ્યક્તિ પોતાનું જ કાર્ય સર્વોત્તમ છે, આવશ્યક છે, એવા ખોટા ભ્રમમાં રહેતો હોય છે.

૧૧ **એકાંતમાં હળવી નિરાંતમાં વ્યક્તિ ભરપૂર શાંતિ અને અભીપ્સા અનુભવે છે. પણ કર્મ દરમિયાન અને અન્યોના સંપર્કમાં આવતી વખતે ખોઈ બેસે છે, આનું કારણ શું?**

કામ કરતાં કરતાં સક્રિય અવસ્થામાં શાંતિ અને અભીપ્સા ટકાવી રાખવાનો ઓછો અભ્યાસ આનું મૂળ કારણ છે. બાકી કર્મ દરમિયાન પણ શાંતિ અને અભીપ્સા ટકાવી રાખવી શક્ય છે.

૧૨ **કલા અને સાહિત્ય બાબતની ક્ષમતા વગરનો સાધક સાધનામાં પ્રગતિ કરી શકતો નથી અને પ્રભુનું કરણ બની શકતો નથી આ માન્યતામાં તથ્ય કેટલું છે?**

આ માન્યતાનો કોઈ વાસ્તવિક આધાર નથી. કલા અને સાહિત્યનું પાસું ન ધરાવતા લોકો પણ સાધનામાં ઘણી પ્રગતિ કરી શક્યાં છે એ વાસ્તવિકતા છે.

# જાતક કથાઓ - માનસિંહ ચાવડા

# આમન્યા રાખો

પ્રકરણ - ૧૭

એક ગામમાં એક વેપારી, તેની પત્ની અને બાળક રહે. વેપારીના ઘરડા બાપા પણ. ઉંમરને કારણે તેઓ સાજામાંદા રહે. તેથી પેલો વેપારી અને તેની પત્ની કંટાળી ગયા. તેમણે ઘરડા બાપાને સ્મશાને જઈ જીવતા દાટી દેવાનો નિર્ણય કર્યો. પછી અફવા ફેલાવવાની કે યાત્રાએ ગયા છે.

બીજે દિવસે ગાડાંમાં ઘરડા બાપને બેસાડી જવાની તૈયારી કરતો હતો ત્યાં તેનો દિકરો ત્યાં આવી ચડ્યો. તેણે દાદા સાથે જવાની હઠ પકડી. મા એ મિઠાઈ આપવાની લાલચ આપી. પણ છોકરો તો દાદાના ખોળામાં જઈ બેઠો.

અંતે થાકીને વેપારીએ ગાડું હંકાર્યું. બે ચાર ગામ વટાવી એક અવાવરા સ્મશાનમાં ખાડો ખોદ્યો. છોકરો દાદાના ખોળામાં બેઠો બેઠો પિતાની વાટ જોતો હતો. વધારે વાર લાગતા તે ઉત્સુકતા - વસ સ્મ્શાનમાં ગયો બાપે ખાડો ખોદેલો, ''પિતાજી, આ ખાડો શેને માટે ? શું તેમાં ધન દાટેલું છે.

''ના, મારે મારું ધન દાટવું છે.''

પિતા હસતા હસતા બોલ્યા. પિતા થાકીને આરામ કરવા લાગ્યા.

છોકરો કોદાળી લઈને પડખે બીજો ખાડો ખોદવા લાગ્યો.

બાપે પૂછ્યું, ''એલા આ શું કરે છે ?''

''પિતાજી, મારે પણ તમારા જેવું જ ધન અહિં દાટવું છે.''

પિતા રોવા લાગ્યા, બાળકે પૂછ્યું પિતાજી શા માટે રડો છો ?

''બેટા, મેં મારી દુર્બુદ્ધી દાટી છે. તેને ઘણાં વરસ સાચવી તેનો પસ્તાવો થાય છે.''

ગાડામાં આવી પિતાએ દાદાને નમસ્કાર કર્યા કહ્યું ''બાપા, પડખેના ગામમાં શંકરનું મંદિર છે. ત્યાં તમને દર્શન કરાવવા હું લાવ્યો છું, જવું છે ને ?

''હા, બેટા''

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# સમગ્રતાનું દૃષ્ટિબિંદુ

પ્રકરણ - ૪૫
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૩૮-૧૪૦)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**વિચારએ સત્યના ઉપર ફેકેલું બાણ છે. એ એક બિંદુને તાકી શકે છે. પણ આખાએ નિશાનને તે આવરી શકતું નથી. પણ બાણ ફેંકનારો પોતાની સફળતાથી એટલો બધો તો સંતુષ્ટ થઈ જાય છે કે તે પછી કશું વિશેષ માગતો જ નથી. (૬૯)**

* * * *

બાળક : માતાજી પૂરા સત્યને આવરી લેવા શું કરવું જોઈએ ?

માતાજી : બાણ ફેંકનારની ભૂમિકા તેણે ત્યાગવી પડશે. વ્યક્તિ-ચેતના જે વ્યક્તિગત દૃષ્ટિબિંદુ સ્વીકારીને જ સમજે છે તે પ્રદેશની પેલીપાર વૈશ્વિકચેતનામાં પ્રવેશવું પડે છે. વ્યવહારમાં તો કર્મ કરવા એક દૃષ્ટિબિંદુ સ્વીકારીએ તો જ કામ થઈ શકે છે. દક્ષિણ ફ્રાન્સમાં પેલીયર યુનિવર્સિટીના એક પ્રોફેસરની વાત છે. તે ગામ બહાર એકાંતમાં રહેતો હતો પણ ગામમાં કામ નિમિત્તે આવે ત્યારે ચોકમાં ઊભો રહીને વિચારતો. ઘરે જવાના અનેક માર્ગો છે કયા માર્ગે જવું ? દરેક માર્ગના લાભ-ગેરલાભ જોઈ તે નિર્ણય જ લઈ શકતો નહોતો.

પણ વૈશ્વિક ચેતનામાં પ્રવેશ્યા પછી આ પ્રશ્ન હલ થઈ જાય છે. તેમાં આપણે તો નિમિત્ત, કરણ કે સાધનમાત્ર હોઈએ છીએ. નિર્ણય તો વિશ્વ-ચેતના લે છે.

બીજું ત્યાં વ્યક્તિગત દૃષ્ટિબિંદુઓ એક પછી એક રજૂ થતાં નથી પણ સમગ્ર રીતે એક સાથે રજૂ થાય છે અને તે એક અખંડ સમગ્રતાનું જ દટિબિંદુ બની જતું હોવાથી નિર્ણય લેવામાં વિશ્વ-ચેતનાને કોઈ અગવડતા પડતી નથી. તેમાં દરેક દૃષ્ટિબિંદુની મૌલિકતા એકબીજા સાથે સંપૂર્ણ સંવાદમાં હોય છે. તેથી તે પસંદગી પ્રભુની હોય છે. તેથી ત્યાં ભૂલ થતી નથી.

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# નવા જગતનો જન્મ

પ્રકરણ - ૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

A new world is BORN. It is not the old world that is changing, It is a NEW world which is born. - 1957-107

ભૌતિક શરીરમાં જે વિવિધ ક્ષમતાઓનાં પટ્ટાઓ - કક્ષાઓ કોષો તરીકે વિકાસ પામ્યાં છે તે એક બીજાથી એટલાં ભિન્ન છે કે તે બંને તદ્દન જુદા પ્રકારનાં જ ગુણધર્મો અને ક્ષમતાઓ પ્રકટ કરે છે. જેમ વિવિધ સંખ્યાનાં ક્રોમોસોમ્સના મિલનથી તદ્દન નવું જ પ્રાણી નિર્માણ થાય છે તેવી આ ઘટના છે તેવું જ કાંઈક અહિં થાય છે. ચેતના આવું કોઈ ખાસ પ્રકારનું સંયોગિકરણ કરે છે. અને તદ્દન ભિન્ન ગુણધર્મોવાળો કોષ નિર્માણ થાય છે તેથી આ ફક્ત થોડોક ફેરબદલ નથી પણ પૂર્ણ ક્રાંતિ છે. તદ્દન નવું જ સ્વરૂપ ભૌતિકતત્ત્વ ધારણ કરે છે.

આને કારણે વર્તમાન - કક્ષાની ચેતનાને આ નવી આવિર્ભાવ પામતી કક્ષાનું સંચાલન કરવામાં અવરોધો આવે છે. તે અવરોધોને કારણે ચેતના પોતામાં વિકાસ સાધે છે અને ધીમેધીમે તે નવું જ્ઞાન પ્રકટ કરે છે.

That sudden alteration of the universal element which most certainly bring a sort of chaos into our perceptions from which a new knowledge will emerge. - 1956 - 103

વ્યક્તિમાં થતો આ ફેરફાર એ વ્યક્તિગત પ્રક્રિયા હોતી નથી પણ વૈશ્વિક તત્ત્વનાં જ અંશ સ્વરૂપ તે વ્યક્તિમાં ફેરફાર છે. કેરી જેમ ધીમે ધીમે બહારનો રંગ પાકતી વખતે બદલે તેમ આ વૈશ્વિક તત્ત્વ જ ધીમેધીમે વ્યક્તિઓ દ્વારા પોતાનો વિકાસ સાધતું હોય છે.

નવા જગતના આવિર્ભાવની પ્રક્રિયા આવા સ્વરૂપની હશે એમ માતાજી જણાવે છે.

# પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

## પ્રાર્થના અને ધ્યાન

"A prayer, A master Act, A king idea
Can link man's strength to a transcendent force."
(Savitri : B : 1 : C:II : P.20) - Sri Aurobindo

''એકાદ પ્રાર્થના, શ્રેષ્ઠ ક્રિયા, રાજ પ્રભાવી એક ભાવના પરની શક્તિની સાથે માનવીના બળનો યોગ.''

(સાવિત્રી - ભાવાનુવાદ શ્રી પુજાલાલ)

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ પ્રાર્થના એ માનવ દ્વારા શ્રેષ્ઠ કર્મ છે અને ઈશ્વરીય શ્રેષ્ઠ ભાવ પણ છે. આ દૃષ્ટિએ પ્રાર્થના એ શ્રેષ્ઠ કર્મ અને ભક્તિ બન્ને છે, જે દ્વારા માનવની શક્તિનો પરમ ચેતના શક્તિ સાથે યોગ થાય છે સંધાય છે.

પ્રભુની શક્તિ સાથે યોગ સાધવા કેવી રીતે પ્રાર્થના કરવી તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

"all sincere prayers are granted....."

- The Mother

''બધી જ સત્યનિષ્ઠ પ્રાર્થનાઓ સ્વીકારાય છે.....''

- શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યું છે તે મુજબ પ્રત્યેક સત્યનિષ્ઠાપૂર્વક કરવામાં આવતી પ્રાર્થનાનો પ્રભુ સ્વીકાર કરે છે. પ્રભુ દ્વારા પ્રાર્થનાનો સ્વીકાર એટલે માનવનો પ્રભુ સાથેનો યોગ. જો માનવ પ્રાર્થનાને નામે માંગણી કરે તો તે માંગણીનો પ્રભુ સ્વીકાર કરતા નથી, કારણકે માંગણીમાં પ્રભુ પ્રત્યે સત્યનિષ્ઠા હોતી નથી. માંગણી એટલે એવી પ્રાર્થના જે દુઃખ દૂર કરવાના ઉપાય કરવા માટે છે. જ્યારે સાચી પ્રાર્થના તો પ્રભુ પ્રાપ્તિના ઉદ્દેશ માટે હોય છે. આ પ્રકારની

પ્રાર્થનામાં સત્યનિષ્ઠા રહેલી હોય છે. સત્યનિષ્ઠાપૂર્વક કેવી રીતે પ્રાર્થના કરવી તે સમજાવતા એક સંત કહે છે :

"Prayer does not mean just sitting and chanting words. It is about being seren and meditative state."

પ્રાર્થના એટલે ફક્ત બે હાથ જોડીને પ્રભુ પ્રત્યે ઉચ્ચારાતા શબ્દો નથી. પરંતુ પ્રાર્થના એટલે માનવે મનમાં પોતાને એક શાંતિ, વિશ્વાસ, પ્રભુ પ્રત્યે સ્થિર નિશ્ચિતતા, સ્થિરભાવ તથા સ્વસ્થપણે એકાગ્ર કરવાનું છે. એને આપણે ધ્યાનનો ભાવ કહીએ છીએ. માનવ આ અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યાર બાદ તેના અંતરનો પુકાર પ્રભુની શક્તિ માનવમાં અવતરણ કરે તેવી પ્રાર્થના કરે છે.

સામાન્ય રીતે માનવ વિપત્તિમાં હોય છે, આ વિપત્તિ સહન થતી ન હોય, તેમજ આ વિપત્તિ સામે માનવ પોતાની જાતને નિર્બળ અનુભવે ત્યારે માનવમાંથી પ્રભુની શક્તિ માટે અંતરનો પુકાર ઉઠે છે. આ અંતરના પુકારના પ્રત્યુત્તરરૂપે પ્રભુની શક્તિનું માનવમાં અવતરણ થાય છે અને માનવ વિપત્તિમાંથી મુક્ત થાય છે.

વિપત્તિમાંથી મુક્ત થયેલો માનવ પ્રભુને વિસરી જાય છે અને સામાન્ય જિંદગી જીવવા લાગે છે. સામાન્ય જિંદગીને કારણે માનવનું પરમ પ્રભુ સાથેનું જોડાણ તૂટી જાય છે. માનવનું પરમ પ્રભુ સાથેનું જોડાણ તૂટવાનું કારણ માનવમાં સાતત્યપૂર્ણ કૃતજ્ઞતા અને સત્યનિષ્ઠાના ગુણોનો અભાવ. માનવે સાતત્યપૂર્ણ કૃતજ્ઞતા અને સત્યનિષ્ઠાના ગુણ પ્રાપ્ત કરવા માટે પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા રાખવાની હોય છે. પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા કૃતજ્ઞતા અને સત્યનિષ્ઠા માનવની અંદર અભીપ્સા સ્થાપી આપી છે. જે દ્વારા માનવ પ્રભુની કૃપાથી શક્તિને પામે છે. અભીપ્સા દ્વારા પ્રાર્થના કેવી રીતે કરવી તે શ્રી માતાજીએ ''પ્રાર્થનાઓ અને ધ્યાન'' દ્વારા સમજાવેલ છે. ''પ્રાર્થનાઓ અને ધ્યાન'' દ્વારા શ્રી માતાજી કેવી રીતે પ્રાર્થના કરતા તે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે :

"The Prayers are mostry written in an identification with the earth consciousness. It is the Mother in lower nature addressing the Mother in higher nature, the Mother herself caring on the Sadhana of earth - consciousness for the transformaion praying to

herself above from whom the force of transformation come."

- Sri Auribindo

'પ્રાર્થનાઓ મહદઅંશે પૃથ્વીની ચેતનાના તાદાત્મ્યમાંથી રચાયેલી છે. આ તો અપરા-પ્રકૃતિસ્થ શ્રી માતાજી, પરા-પ્રકૃતિસ્થ શ્રી માતાજીને સંબોધે છે; શ્રી માતાજી સ્વયં પૃથ્વી - ચેતનાના રૂપાંતર માટે સાધના કરે છે. તેઓ ઉર્ધ્વસ્થ સ્વયં પ્રાર્થે છે કે જેના તરફથી રૂપાંતરની શક્તિઓ પ્રાપ્ત થાય.'' -શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ જગદંબાએ પૃથ્વીની ચેતનાના રૂપાંતર માટે સ્વયંને પૃથ્વીની ચેતના સાથે એકરૂપ કરી પરમ ચેતનામાં રૂપાંતર પામવા માટે પ્રાર્થના કરી છે. પૃથ્વીની ચેતના સાથે એકરૂપ થવા માટે શ્રી માતાજીએ અપરા પ્રકૃતિના તમામ કષ્ટો વેઠવા છે અને માનવને માર્ગદર્શન આપેલ છે કે પ્રાર્થના કેવી રીતે કરવી.

અપરાપ્રકૃતિસ્ય શ્રી માતાજીની પ્રાર્થના શ્રી અરવિન્દે સમજાવ્યા પ્રમાણે "A Master Act" છે. જે દ્વારા પૃથ્વીની ચેતના અને પરમ ચેતના વચ્ચે એક કડી (Link) સ્થપાય છે, જે દ્વારા પાર્થિવ ચેતનાનું દિવ્યચેતનામાં રૂપાંતર થાય છે.


ઉપરના મજલાને અને નીચેના મજલાને જોડતી કડીરૂપ એક સીડી હોય છે. આ સીડીની મદદથી આરોહણ અને અવતરણની બન્ને ક્રિયા થઈ શકે છે. પ્રાર્થના દ્વારા માનવની પાર્થિવ ચેતના ઊર્ધ્વમાં આરોહણ કરે છે. જ્યાં તે પ્રભુને પોતાની જાત સંપૂર્ણપણે સમર્પિત કરે છે અને પ્રભુની ચેતનામાં રૂપાંતર થાય છે. રૂપાંતર પામેલી દિવ્ય ચેતના માનવમાં અવતરણ કરે છે જે દ્વારા માનવ દિવ્ય માનવમાં રૂપાંતર પામે છે.

આ ઘટનાને સમજાવતા શ્રી અરવિન્દ સાવિત્રીમાં જણાવે છે,

"To raise the world to God in deathless light,
To bring God down to the world on earth we came,
To change the earth life to life Divine"
(Savitri : B : 11 : C : i : P.692) - Sri Aurobindo

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ પાર્થિવ ચેતનાના આરોહણ અને દિવ્ય ચેતના અવતરણ દ્વારા જ પાર્થિવ જીવન દિવ્ય જીવનમાં રૂપાંતરિત થઈ શકે છે.

(અનુ.પૃ.૨૭ ઉપર)



# શ્રી અરવિંદ

All in him turns to spirit vastnesses,
His soul breaks out to join the Oversoul,
His life is oceaned by that superlife,
He has drunk from the breasts of the Mother of the world,
A topless supernature fills his frame.

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-24)

## ઊર્ધ્વ-ચેતનામાં પ્રવેશ

તેના તત્ત્વો બધાં, આત્માની વિશાળતામાં રાચતાં,
આત્મા તેનો આરોહણ કરી, ઊર્ધ્વ-ચેતને જઈ સ્થિર થતો,
સમગ્ર-જીવન છલકાઈ જતું, ઊર્ધ્વ-જીવનના પ્રભાવથી,
જગન્માતા - ધાવણે જાણે, તે પોરષાતું હતું,
ને ઊર્ધ્વની દિવ્યપ્રકૃતિ, તેના સ્વરૂપે રેલાતી હતી.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચાતુર્વણ્ય : શુદ્ર

કામઃ પ્રેમઃ દાસ્ય લિપ્સાત્મ સમર્પણમિતિ શુદ્રશક્તિઃ ॥

Records on Yoga

**શુદ્ર પ્રકૃતિની ન કોઈ વિશેષતા, તેથી કહ્યો તેને શુદ્ર,**
**શુદ્રનો અર્થ અવિકસિત ગણ્યો, ચેતન-વિકાસમાર્ગ ન બંધ.**
**ભૌતિક કામનાઓથી ભરપૂર તે, અતિપ્રિય ખાવા-પીવાનું સુખ,**
**પણ સ્વભાવ સરળ નિષ્કપટી રહે, પ્રેમ ભૂખ્યો એ રહે મૂક.**
**સહુ ઉપર પ્રેમ કરે, સેવા કરવાના અતિ કોડ,**
**વડીલોની આમન્યા જાળવે, આજ્ઞાંકિત બની અજોડ.**
**સ્વામીભક્તિ તેની પ્રબળ અતિ, નિષ્ઠા અડગ અવિચળ,**
**સેવામાં જીવન સાર્થક ગણે, એ મતિ તેની નિર્મળ.**

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક
પુસ્તકો

www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot
E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત